સ્વચ્છાગ્રહ પ્રોજેક્ટ મુખ્યાલય
**પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (CEE)**
થલતેજ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૫૪
ઈ-મેલ : participate@swachhagraha.org
ટેલિફોન : +91 79 26844821
વૉટ્સએપ : 84607 37656

**અદાણી ફાઉન્ડેશન**
૮મો માળ, સી વિંગ
શિખર બિલ્ડિંગ
મીઠાખળી છ રસ્તા નજીક
નવરંગપુરા
અમદાવાદ-૩૮૦૦૦૯

**www.swachhagraha.org**


Swachhagraha

स्वच्छाग्रह

An initiative by adani Act

# શિક્ષકો માટેની સહાયક માર્ગદર્શિકા

## સ્વચ્છતાના સંસ્કાર કેળવવાની એક પહેલ

**જ્ઞાન અને અમલીકરણ સહયોગી**

**CEE**

Centre for Environment Education

Swachhagraha

स्वच्छाग्रह

An initiative by adani Act

# શિક્ષકો માટેની સહાયક માર્ગદર્શિકા

## સ્વચ્છતાના સંસ્કાર કેળવવાની એક પહેલ

જ્ઞાન અને અમલીકરણ સહયોગી

**CEE**

Centre for Environment Education

# પ્રસ્તાવના

આ સહાયક માર્ગદર્શિકા સ્વચ્છાગ્રહ સાથે જોડાયેલા શિક્ષકો માટેનું એક સાધન છે. આ માર્ગદર્શિકા સ્વચ્છાગ્રહી બનવાના લક્ષ્યને હાંસલ કરવા તથા સ્વચ્છતાની સંસ્કૃતિ સર્જવા માટે વ્યાપક સમાજને સાંકળીને તેમના વ્યવહાર-વર્તનમાં પરિવર્તન લાવવા માટેનાં સાધનો, પ્રવૃત્તિઓ અને પદ્ધતિઓ પૂરાં પાડે છે. મુદ્દાને ઊંડાણથી સમજી શકાય તથા વપરાશકારના સંદર્ભની સમજ કેળવાય એ રીતે આંકડાકીય વિગતો અને માહિતી પણ આમાં સામેલ કરવામાં આવી છે.

સ્વચ્છાગ્રહ પ્રોજેક્ટ શાળા અને શાળા બહાર પણ વ્યાપક રીતે પ્રભાવી બને એ બાબતને ધ્યાનમાં રાખીને આ મોડ્યુલની રચના કરવામાં આવી છે. અહીં એવી પ્રવૃત્તિઓને સમાવવામાં આવી છે જે શાળામાં, સમુદાયમાં અને ઘરે પણ થઈ શકે છે.

આ મોડ્યુલમાં જુદા જુદા મુદ્દાઓ અંગેની માહિતી અને આંકડાઓ અપાયા છે તથા સ્વચ્છાગ્રહ દળ સ્વચ્છાગ્રહી પ્રેરકના માર્ગદર્શન હેઠળ કરી શકે એવી પ્રવૃત્તિઓ પણ સમાવવામાં આવી છે. મોટા ભાગની પ્રવૃત્તિઓ 'વર્ગખંડની બહાર પહેલ' પ્રકારની પ્રવૃત્તિઓ છે, જેનો ઉદ્દેશ ઔપચારિક પાઠ્યપુસ્તકકેન્દ્રી અભિગમથી આગળ વધીને વિદ્યાર્થીઓને વધારે વ્યાવહારિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય કરવાનો છે. એક વિચાર તો શાળા ઉપરાંત વ્યાપક સમુદાયને આમાં જોડવાનો છે.

આ મોડ્યુલમાં પ્રવૃત્તિઓને જે ક્રમમાં ગોઠવવામાં આવી છે, તેને એ જ ક્રમમાં કરાવવી બિલકુલ જરૂરી નથી. શિક્ષકો પોતાની અનુકૂળતા મુજબ તેમને યોગ્ય લાગે ત્યારે જે તે પ્રવૃત્તિ કરાવી શકે છે. શિક્ષકો ધારે તો પોતાના વિચારો અને નવા પ્રયોગો થકી આ પ્રવૃત્તિઓમાં સુધારા-વધારા કરી શકે છે.



## સંદેશ

સ્વચ્છાગ્રહનો ખ્યાલ સત્યાગ્રહ પરથી લેવામાં આવ્યો છે. સ્વચ્છ ભારત અભિયાનમાં સૌને જોડીને દેશને સ્વચ્છ કરવો, એને આપણા સૌનો ધ્યેય બનાવવાનો છે. આ સમગ્ર અભિયાન એ રીતે રચવામાં આવ્યું છે, જેથી આપણા દેશની ભાવિ પેઢી થકી સ્વચ્છતા આપણી સંસ્કૃતિ બની રહે. આમ, આ અભિયાનનો ઉદ્દેશ 'સ્વચ્છ ભારત'ની પ્રક્રિયા થકી વ્યાપક જનમાનસમાં સાંસ્કૃતિક બદલાવ લાવવા માટે આવશ્યક વ્યવહાર પરિવર્તનની દિશામાં બાળ માનસને ઘડવા અને પ્રોત્સાહિત કરવાનું છે.

આપણા માનનીય વડાપ્રધાન કહે છે એમ રાષ્ટ્રપ્રેમ કંઈ માત્ર દેશ માટે બંદુક અને રાઇફલ ચલાવવામાં જ સમાઈ જતી નથી, પરંતુ આપણા દેશને કોરી ખાતી સમસ્યાઓ-દૂષણો સામેની લડાઈમાં પણ રહેલો છે.

ચાલો, ગંદકી નામના રાક્ષસની સામે યુદ્ધે ચડીએ અને ભારતનો ચહેરો બદલી નાંખીએ.

**સુશ્રી શિલીન આર. અદાણી,**
ટ્રસ્ટી, અદાણી ફાઉન્ડેશન

સ્વચ્છાગ્રહમાં ગાંધીજીનો સંદેશ સમાયેલો છે, તમે દુનિયામાં જે પરિવર્તન લાવવા માગતા હોય, તેને સૌથી પહેલાં તમારામાં લાવો. આ રીતે સ્વચ્છતાની સંસ્કૃતિને સૌથી પહેલાં આપણા પોતાનામાં ઉતારવી પડશે, ત્યાર પછી જ આપણે અન્યને પરિવર્તન માટે પ્રેરી શકીશું.

શાળાનાં વર્ષો દરમિયાન જ આપણી આદતો ઘડાતી હોય છે. એ આદતો આખી જિંદગી આપણી સાથે રહેતી હોય છે. એ માટે જ વિદ્યાર્થીઓ સ્વચ્છતા અંગે શીખે, સ્વચ્છતાની આવશ્યકતા અંગે સમજે અને એ અંગે સક્રિય બને, એ અત્યંત જરૂરી છે. બાળકોમાં સ્વચ્છતાની ટેવો પડે એ તેમના તો મહત્ત્વપૂર્ણ છે જ, સાથે સાથે તેને કારણે તેમના ઘરે માતા-પિતા દ્વારા લેવાતા નિર્ણયોને પણ તેની અસર થાય છે, એ રીતે પણ મહત્ત્વપૂર્ણ છે.

આ કાર્યક્રમ આગળ જતાં એક ચળવળમાં પરિવર્તિત થાય એવી આશા છે. આપણે જોવા માગીએ છીએ કે વિદ્યાર્થીઓ શાળા, ઘરે અને સમગ્ર સમાજમાં સ્વચ્છતાની સંસ્કૃતિ સર્જવામાં નેતૃત્વ લેતા થાય. સ્વચ્છતાને આપણા જીવનનો એક હિસ્સો બનાવવા આ અભિયાનમાં પ્રવૃત્તિઓ જોઈ શકાય, માપી-આંકી શકાય અને ઉત્તરદાયિત્વપૂર્ણ હોવી જરૂરી છે.

**શ્રી કાર્તિકેય વિ. સારાભાઈ,**
ડિરેક્ટર, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (CEE)

## અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રસ્તાવના | i |
| સંદેશ | ii |
| સ્વચ્છાગ્રહનો પરિચય | 1 |
| સ્વચ્છાગ્રહ શાળા એટલે શું? | 2 |
| સ્વચ્છાગ્રહ પ્રેરક કોણ છે? | 2 |
| સ્વચ્છાગ્રહમાંથી શું શીખવા મળે? | 3 |
| સ્વચ્છાગ્રહી એટલે કોણ? | 4 |
| મોડ્યુલનો ઉપયોગ કેવી રીતે કરશો? | 4 |
| સ્વચ્છાગ્રહ દળ | 5 |
| દળની પ્રવૃત્તિઓનું સંકલન | 5 |
| પ્રવૃત્તિઓ | 7 |
| આચારસંહિતા | 7 |
| રોલ પ્લે - શાળામાં સમસ્યા અંગે ચર્ચા કરવા મિટિંગનું આયોજન કરવું! | 8 |
| સ્વચ્છાગ્રહ વૉલ ડિઝાઇન કરવી | 10 |
| સ્વચ્છાગ્રહીની ખાસિયતો | 12 |
| માન્યતાઓને જાણો | 15 |
| સમજાવવું - ચાલો આપણા મિત્રોને પ્રભાવિત કરીએ! | 19 |
| કાર્ય યોજનાઓનું આયોજન | 22 |
| થીમ - કચરાનું વ્યવસ્થાપન | 26 |
| થીમ - સ્વચ્છતા અને આરોગ્ય | 34 |

## સ્વચ્છાગ્રહનો પરિચય

સ્વચ્છાગ્રહની પ્રેરણા મહાન આંદોલનોમાંના એક એવા સત્યાગ્રહ પરથી લેવામાં આવી છે. સત્યાગ્રહ એક એવું આંદોલન છે, જે અપાર ધીરજ અને ખંતથી, લોકમાનસનું ઘડતર કરીને, લોકોમાં સન્માન અને સ્વાભિમાનની ભાવના જગાડીને તેમના હૃદય જીતી લે છે અને તેમને ઉમદા ઉદ્દેશ માટે પ્રવૃત્ત થવા પ્રેરે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ સ્વચ્છતાની સંસ્કૃતિ સર્જવા માટે ભારતના આઝાદી આંદોલનની જેમ જ વ્યાપક સ્તરે દેશવાસીઓને સામેલ કરીને મોટાં પાયે પરિવર્તન લાવવાનો છે.

સ્વચ્છાગ્રહ એ યુવા નેતૃત્વ થકી નાગરિકોમાં સ્વચ્છતા અંગેની નાગરિક સભાનતા કેળવવાનો પ્રયાસ છે.



**વિઝન**
સ્વચ્છાગ્રહ એ સ્વચ્છતાનાં સંસ્કાર કેળવવાની એક ચળવળ છે.

**મિશન**
સ્વચ્છતાનાં મૂલ્યો અપનાવીને સ્વચ્છતા અંગેનાં વર્તન અને અભિપ્રાય બદલીએ.

**હેતુઓ**

- લોકોમાં જાહેર સ્થળો પર સ્વચ્છતા જાળવવાની સુટેવ પડે તથા પોતાપણાની ભાવના ઊભી થાય, એ માટે તેમને પ્રોત્સાહિત કરવા.
- વિદ્યાર્થીઓને 'સ્વચ્છાગ્રહી' બનવા માટે પ્રેરી શકે એવા શિક્ષકોના સક્રિય જૂથનું સશક્તીકરણ કરવું.
- શાળામાં સ્વચ્છતાની સંસ્કૃતિ સુદૃઢ બનાવે એવી શૈક્ષણિક સામગ્રીઓ તૈયાર કરવી અને પૂરી પાડવી તથા આ સંસ્કૃતિ શાળા અને ઘર ઉપરાંત વ્યાપક સમુદાયમાં ફેલાવવી.
- અન્ય લોકોને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડે એવા 'સ્વચ્છાગ્રહી' બનેલા ઉત્સાહી યુવાનોને અલગ તારવવા..

**મહાત્મા ગાંધી છે પ્રેરણાસ્રોત**

સ્વચ્છાગ્રહમાં સત્યાગ્રહ પાસેથી માત્ર સ્વચ્છતા માટેનું લોકઆંદોલન ઊભું કરવાની જ પ્રેરણા નથી મેળવવામાં આવી, પરંતુ સ્વચ્છતા અને સફાઈ પરની મહાત્મા ગાંધીની શીખ અને વિચારો બહુ મજબૂત આધાર બન્યાં છે.

મહાત્મા ગાંધીજી કહેતા, સ્વચ્છતા તો સ્વતંત્રતા કરતાં પણ વધારે મહત્ત્વની છે. સ્વચ્છતા અને સફાઈ ગાંધીજીએ ચીંધેલી જીવનશૈલીનો એક આંતરિક હિસ્સો હતી. સૌ માટે તમામ સ્તરે સ્વચ્છતા તેમનું સપનું હતું.

ગાંધીજી સ્વચ્છતા અને સુટેવો પર બહુ ભાર મૂકતા અને સારા આરોગ્ય સાથેના તેના ઘનિષ્ઠ સંબંધની વાત કરતા હતા. જાહેર સ્થળો પર ગંદકી કરવાની લોકોની કુટેવોની અન્ય લોકો પર થતી અસરની વાત વણી લેતાં ગાંધીજીએ કહેલું, સડક પર કોઈએ ન થૂંકવું જોઈએ, ન નાક છીમવું જોઈએ. કેટલાક કિસ્સામાં થૂંક-ગળફા અન્ય લોકોને ચેપ ફેલાવે એટલા જોખમી હોય છે. કેટલાક દેશોમાં તો રસ્તા પર થૂંકવું એ અપરાધિક ગુનો ગણાય છે. જે લોકો પાન કે તમાકુ ચાવીને જાહેરમાં થૂંકે છે તેમને અન્ય લોકોની જરાય પરવા હોતી નથી. થૂંક કે નાકમાંથી નીકળતી લીંટ વગેરેને પણ માટી વડે દાટી દેવી જોઈએ. (નવજીવન, ૨ નવેમ્બર, ૧૯૧૯)

ગાંધીજી મ્યુનિસિપાલિટીએ સ્વચ્છતા બાબતે લોકોને જાગૃત કરવા અને શિક્ષિત કરવા જોઈએ, એ મુદ્દા પર પણ ભાર મૂકતા. તેમણે કહેલું, દરેક મ્યુનિસિપાલિટીએ લોકોને સ્વચ્છતાનું વિજ્ઞાન સમજાવવા માટે પોતે જ એક આદર્શ શાળા (મૉડલ સ્કૂલ) બનવું જોઈએ. શહેરની સ્વચ્છતા બાબતે આપણને હજુ જોઈએ એટલું જ્ઞાન નથી. આપણા ઘરમાં જ્યાં સુધી બધું સમુંસુતરું ચાલતું હોય ત્યાં સુધી આપણે આપણા પાડોશમાં શું ચાલી રહ્યું છે તેની જરાય પરવા કરતાં નથી. (યંગ ઇન્ડિયા, 3 ફેબ્રુઆરી, ૧૯૨૭)

***દરેક પોતે જ પોતાના સફાઈકામદાર બનવાનું છે. - મો.ક. ગાંધી***

## સ્વચ્છાગ્રહ શાળા એટલે શું?

શાળાનાં વર્ષો એ ઘડતરનો સમયગાળો છે, આ જ તેમની માનસિકતા, વિચારપ્રક્રિયા અને આદતોના ઘડતર માટેનો શ્રેષ્ઠ સમય મનાય છે.

સ્વચ્છાગ્રહ શાળા એટલે બહારથી ચોખ્ખી દેખાય એવી જ શાળા નહિ, પરંતુ એમાં તમામ સહભાગીઓની સામેલગીરી સાથે એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોય જ્યાં કચરો ઓછામાં ઓછો પેદા થાય અને આજુબાજુ ક્યાંય કશું ગંદું ન કરવામાં આવે. શાળા દર્શાવે કે સ્વચ્છતાની સંસ્કૃતિ સર્જવાની જવાબદારી એ કંઈ માત્ર સફાઈકર્મીઓનું જ કામ નથી, પરંતુ સૌની સહિયારી જવાબદારી છે.

સ્વચ્છાગ્રહ શાળા કાર્ય પરિયોજના થકી તમામ સહભાગીઓને સામેલ કરે છે અને તેના થકી વિદ્યાર્થીઓને અનુભવ થકી શીખવાની તક પૂરી પાડે છે. શિક્ષણનો વ્યાપ વધારી માહિતીની સરહદો વટાવીને અનુભવ સુધી લઈ જવાય છે અને એ રીતે ટકાઉ પ્રયાસનો પાયો નંખાય છે.

## સ્વચ્છાગ્રહ પ્રેરક કોણ છે?

શાળામાં સ્વચ્છાગ્રહની જવાબદારી ઉઠાવનાર શિક્ષકને સ્વચ્છાગ્રહ પ્રેરક ગણવામાં આવશે, જેઓ આ કાર્યક્રમ અંતર્ગત ગુરુ અને પ્રોત્સાહક બની રહેશે. જેઓ વિદ્યાર્થીઓને સ્વચ્છાગ્રહી બનવા માટે જરૂરી ગુણો વિકસાવવામાં સહાય કરશે અને માર્ગદર્શન પણ પૂરું પાડશે. પ્રેરકે સ્વચ્છાગ્રહીને સતત પ્રવૃત્તિશીલ રાખવો પડશે તેમજ આયોજન અનુસાર સંબંધિત તકો દ્વારા તેમના જ્ઞાન, કૌશલ્ય અને મૂલ્યોના વિકાસને પ્રોત્સાહન આપવાનું રહેશે. તેમણે ટકાઉ જીવનશૈલી અને મૂલ્યો, અભિગમો તથા વ્યવહારોમાં આ બાબતે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવીને એક આદર્શમૂર્તિ (રોલમૉડલ)ની ભૂમિકા ભજવવાની રહેશે.

સ્વચ્છાગ્રહ પ્રેરકે શાળાને સ્વચ્છાગ્રહ સંકુલમાં પરિવર્તિત કરવા માટે શાળાના તમામ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ તથા વાલીઓને નેતૃત્વ પૂરું પાડવાનું રહેશે.

**સ્વચ્છાગ્રહ પ્રેરકની ખાસિયતો**

૧. સ્વચ્છાગ્રહી સાથે કૌશલ્ય, જ્ઞાન અને નિપૂણતાની વહેંચણી કરવાની ઇચ્છૂકતા.

૨. હકારાત્મક અભિગમ દર્શાવવો અને વ્યક્તિગત ઉદાહરણ થકી રોલમૉડલ તરીકે ઊભરવું.





૩. જોરદાર પ્રત્યાયન કૌશલ્ય તથા અંગત રસ લઈને સ્વચ્છાગ્રહીને પોતાની ક્ષમતા, વિશ્વાસ અને વ્યક્તિગત ખાસિયતો ઓળખવામાં અને વિકસાવવામાં માર્ગદર્શક બનવું.

૪. સ્વચ્છાગ્રહીને માર્ગદર્શન અને સકારાત્મક પ્રતિભાવ પૂરા પાડો તેમજ તેમના વ્યાવસાયિક વિકાસને ગતિ પૂરી પાડે એવા પડકારો ઊભા કરો.

૫. સમયસીમા બાંધીને લક્ષ્યો નક્કી કરવાં અને પાર પાડવાં તથા પરિયોજના અંતર્ગત થયેલી પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરવું.

૬. સ્વચ્છાગ્રહીના અભિપ્રાયો અને પહેલોની કદર કરવી અને હકારાત્મક પ્રતિભાવ અને સાથસહકારથી તેમનું સશક્તીકરણ કરવું.

## સ્વચ્છાગ્રહમાંથી શું શીખવા મળે?

**૧. શાળામાં શીખેલી બાબતોનો વાસ્તવિક દુનિયામાં અમલ કરવો**

તમામ વિદ્યાર્થીઓ શાળામાં જે કંઈ ભણ્યા હોય, પ્રોજેક્ટ અંતર્ગત જે કંઈ કર્યું હોય, જેમાં તેમણે પોતાના જ્ઞાનનો ઉપયોગ કર્યો હોય, પોતાની ધારણાની ચકાસણી કરી હોય અને સ્વતંત્ર વિચારને પ્રોત્સાહન મળ્યું હોય તેમજ મૂલ્યો અને વ્યાપક જીવનકૌશલ્યો થકી હકારાત્મક રીતે આગળ વધવાનું શીખ્યા હોય, તેને વાસ્તવિક જીવન સાથે જોડી શકવા સક્ષમ હોય છે. નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્કનો પરિનિવેશ અને શિક્ષણનો અભિગમ ભારપૂર્વક જણાવે છે કે આવો અભિગમ વિદ્યાર્થીઓના સંપૂર્ણ વિકાસમાં ઉપયોગી છે. (NCF, 2005)

**૨. કાર્યનો ઉત્સાહ અને એક વ્યક્તિનું પગલું પણ પરિવર્તન લાવી શકે એવો વિશ્વાસ**



વિદ્યાર્થીઓના કાર્ય આયોજનને એ રીતે ઘડવું જેમાં એવી સમજ હોય કે તમે જે કંઈ સ્થાનિક સ્તરે કરશો, તેની વૈશ્વિક સ્તરે પણ અસર થતી હોય છે. જવાબદાર પર્યાવરણીય વ્યવહારો સંબંધિત અનેક અભ્યાસોમાં નોંધાયેલું છે કે આંતરિક સ્તરે નિયંત્રણ અને વ્યક્તિના પરિણામદાયી સામર્થ્યનું આ સૂચક છે. (Hines, et al. 1986). દળના સભ્યો પોતાના મિત્રોને, શાળાના વહીવટીતંત્રને, પરિવારને આ કાર્યમાં જોડાવા પ્રોત્સાહિત કરી શકે છે.

**૩. સમસ્યા ઉકેલવી**

સમસ્યા ઉકેલવા માટે વિદ્યાર્થીઓમાં સમીક્ષાત્મક વિચાર કરવાનું કૌશલ્ય હોવું જરૂરી છે, જેનાથી તેઓ સમસ્યાનું વિશ્લેષણ કરી શકે અને સમસ્યા જેના કારણે ઉદભવી હોય તેને સંબંધિત ઉકેલ પણ લાવી શકે.

**૪. વિવિધ સમુદાયો સાથે પ્રત્યાયન**

લોકોને જોડવા માટે લક્ષ્ય જૂથોને ઓળખવા અને તેમની સાથે કામ કરવા માટે એક શીખ એ છે કે લોકોના મુદ્દા અંગેના અભિપ્રાયો-વિચારોને જાણવા-સમજવા, જે બની શકે કે આપણા જેવા ન પણ હોય. આ જાણકારી માત્ર કાગળ પર જ ન રહે એવી કાર્ય 'યોજનાઓ' ઘડવામાં મદદરૂપ બને છે.

**૫. વિવિધ અભિગમો અને પરિપ્રેક્ષ્યો સાથેની અથડામણ**

માતા-પિતાઓ અને પાડોશીઓનો સર્વે કરવામાં આવે કે તેમની સાથે કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે ત્યારે અનેક જુદાં જુદાં હકારાત્મક કે નકારાત્મક મંતવ્યોનો સામનો કરવો પડે છે. વડીલોની પર્યાવરણ અંગેની સમજ જોતાં કેટલાકને મૂંઝવણ પણ થઈ શકે છે. કેટલાકને પ્રવૃત્તિ માટે પ્રોત્સાહન પણ મળી શકે છે.

**૬. પરંપરાગત જ્ઞાનનું દસ્તાવેજીકરણ**

ઘણી વાર પરંપરાગત સમસ્યાઓમાં તકનીકી કે આધુનિક ઉકેલો માફક આવતા નથી. સમસ્યાનાં મૂળ સુધી પહોંચવા માટે પુસ્તકોનું વાંચન, વયોવૃદ્ધ વડીલો સાથે વાતચીત કરવી જોઈએ તેમજ વર્ષોથી આ વિસ્તારમાં રહેતા લોકોનો સર્વે કરીને તેમની પાસેથી આસાન અને તાર્કિક ઉકેલો મેળવવા જોઈએ.

**૭. પ્રભાવનાં વ્યાપ**

કોઈ એક વ્યક્તિની કાર્ય યોજનાના પ્રભાવનો વ્યાપ વ્યક્તિથી માંડીને સ્થાનિક સરકારી તંત્રો સુધી ફેલાયેલો હોય છે. એક વ્યક્તિ જ્યારે કોઈ સમસ્યાનું વિશ્લેષણ કરીને સંભવિત ઉકેલ માટે કાર્ય કરે છે ત્યારે તેની નોંધ લેવાય છે અને કેટલાક કિસ્સાઓમાં સમુદાયની આવી સમસ્યાઓની જવાબદારી લેવામાં આવે છે.

## સ્વચ્છાગ્રહી કોણ છે?

સ્વચ્છાગ્રહી એવો વિદ્યાર્થી છે, જેની પાસે જ્ઞાન છે, જાગૃતિ છે, પ્રતિબદ્ધતા છે અને સ્વચ્છતાની સંસ્કૃતિ સર્જવા માટે 'સ્વચ્છતા'ના પડકારોને પહોંચી વળવાની ક્ષમતા પણ છે. આ પ્રયાસમાં સ્વચ્છાગ્રહીએ ધીરજ અને કરુણાથી પોતાની આજુબાજુ વસતા લોકોમાં સ્વચ્છતા માટે જવાબદારીની ભાવના ઊભી કરવાની રહેશે.

સ્વચ્છાગ્રહી પોતાના વ્યવહારમાં તેમજ વ્યક્તિગત સ્તરેથી લઈને શાળામાં, પરિવારમાં અને સમુદાય સ્તરે પ્રવૃત્તિઓ દ્વારા હકારાત્મક પરિવર્તન લાવીને પોતાના પર્યાવરણીય નેતૃત્વના ગુણો દર્શાવે છે. આમ, દરેક સ્વચ્છાગ્રહી સ્વચ્છ ભારત માટે પરિવર્તનનો વાહક (ચેન્જ એજન્ટ) બને છે.

## મોડ્યુલનો ઉપયોગ કેવી રીતે કરશો?

આ મોડ્યુલ સ્વચ્છતાની સંસ્કૃતિ વિકસાવવા માટેની શૈક્ષણિક પ્રક્રિયાઓમાં મદદરૂપ બની રહેશે. સ્વચ્છાગ્રહમાં વિદ્યાર્થીઓ, પરિવારો અને સમુદાયોને સાથે સાંકળવા માટે જુદી જુદી પરિયોજના આધારિત શીખનો ઉપયોગ કરવામાં આવે છે. સ્વચ્છાગ્રહમાં વ્યક્તિની સ્વઅભિપ્રેરણા તથા પોતાના અંદરથી પેદા થતી વર્તણૂક પરિવર્તનની ભાવનાને પ્રોત્સાહન આપવામાં આવે છે. સહિયારા લક્ષ્યને હાંસલ કરવા માટે અભ્યાસ અને આપ-લે (લર્નિંગ એન્ડ શેરિંગ) પર વધારે ભાર મૂકવામાં આવે છે.

શાળા સ્વચ્છાગ્રહ આંદોલનનું નાભિકેન્દ્ર (એપિસેન્ટર) છે, જ્યાંથી સ્વચ્છાગ્રહી પોતાનું કામ શરૂ કરશે અને પછી તેને વ્યાપક સ્તર સુધી વિસ્તારશે અને શાળાની બહારના સમુદાયને પણ પ્રભાવિત કરશે. પરિવર્તનના પ્રારંભ માટે પરિયોજના અંતર્ગત વિદ્યાર્થીઓનું એક પ્રતિબદ્ધ જૂથ ઊભું કરાશે, જે પ્રવૃત્તિમાં નેતૃત્વ લેશે, શાળાથી લઈને સમુદાયમાં પ્રવૃત્તિઓ કરાવશે અને તેમાં સહયોગ કરશે.



## સ્વચ્છાગ્રહ દળ

સ્વચ્છાગ્રહ કાર્યક્રમ બાળકોને સ્વચ્છ સંસ્કૃતિના સર્જનમાં અગ્રણી ભૂમિકા સોંપે છે. આ કાર્યક્રમમાં બાળકો સમગ્ર પરિવર્તનમાં સહાયકની ચાવીરૂપ ભૂમિકા ભજવશે અને સમગ્ર પ્રક્રિયા દરમિયાન સ્વચ્છાગ્રહી માટે જરૂરી કૌશલ્યો સાથે તેમના પોતાનામાં પણ ધરમૂળથી પરિવર્તન આવશે.

સ્વચ્છાગ્રહ દળ એ વિદ્યાર્થીઓનું એવું સ્વયંસેવી જૂથ છે, જેઓ આ મુદ્દે વધુ ને વધુ જાણવા-શીખવા સંગઠિત થશે તથા પોતાની આજુબાજુના વાતાવરણમાં સુધારો કરવા માટે કાર્યરત થશે. આ દળ શિક્ષકોને પાઠ્યક્રમ અને વાસ્તવિક જગત વચ્ચેનો સંબંધ સ્થાપિત કરવામાં સહાયક તરીકે ભૂમિકા ભજવવાની તક પૂરી પાડે છે. આમ, આ દળ ઔપચારિક શિક્ષણ વ્યવસ્થાની સરહદો અને વ્યાપને વિસ્તારવાનું માધ્યમ બનશે અને વિદ્યાર્થીઓમાં ઉચ્ચ પ્રકારનાં કૌશલ્યો વિકસાવીને તેમને વિકાસના વાહક બનાવશે.

## દળની પ્રવૃત્તિઓનું સંકલન

સ્વચ્છાગ્રહ દળની પ્રવૃત્તિઓ સ્વચ્છાગ્રહના ઉદ્દેશોને હાંસલ કરશે. દળનાસભ્યોને જૂથમાં કે વ્યક્તિગત રીતે કાર્ય કરવા માટે માર્ગદર્શન પૂરું પાડવા અમુક ચોક્કસ સમય ફાળવવાની જરૂર પડશે. સ્વચ્છતાની સંસ્કૃતિનાસર્જનની સફર દરમિયાન જુદાં જુદાં આવશ્યક કાર્યો માટે તેમને બાળકો માટેની પ્રવૃત્તિ પુસ્તિકા પણ મદદરૂપ બનશે.

**સ્વચ્છાગ્રહ દળના સભ્યોની પસંદગી પ્રક્રિયા અને સંખ્યાબળ:** આવી પ્રવૃત્તિઓમાં જોડાવાની રસરુચિ અને ઇચ્છાના આધારે જ દળના સભ્યોની પસંદગી કરવી જોઈએ. વિદ્યાર્થીઓની રસરુચિ જુદી જુદી રીતે જાણી શકાય છે. શાળાના નોટિસ બોર્ડ પર સ્વચ્છાગ્રહ દળના સભ્ય બનવા માટે આમંત્રણ આપવાનું પછી જે વિદ્યાર્થીઓ દળ અંગેની નોટિસ વાંચીને પ્રતિસાદ આપે તેમને આમાં રસ હોવાનું માની શકાય. રસ ધરાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા મોટી હોય તો તેમાંથી પસંદગી કરવા માટે શિક્ષકોએ કોઈ વૈકલ્પિક પદ્ધતિ હાથ ધરવી પડે તથા તેમાં અગાઉ જણાવેલા માપદંડોનું પાલન થવું જોઈએ. આ પદ્ધતિ સ્પર્ધાત્મક ન બને, તેની કાળજી લેવાવી જોઈએ. માત્ર માહિતીના સ્તર આધારે પણ નિર્ણય ન લેવાનો જોઈએ. ચકાસણી માટે એવું કાર્ય સોંપવું જોઈએ, જેનાથી વિદ્યાર્થીના રસ અને પ્રતિબદ્ધતાનો અંદાજ આવી શકે. વિદ્યાર્થીઓ પાસે એવો સર્વે કરાવી શકાય કે શાળામાં સ્વચ્છતાની જાળવણીના આડે કયાં કયાં મુખ્ય પરિબળો આવતાં હોય છે. શક્ય હોય ત્યાં સુધી જે પણ વિદ્યાર્થીઓને રસ હોય તેમને સભ્ય બનવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

સ્વચ્છાગ્રહ દળમાં ૧૫થી ૨૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે છે. આટલા સંખ્યાબળથી નોંધનીય અસર પેદા કરી શકાય છે તેમજ આટલા વિદ્યાર્થીઓનું સારી રીતે ધ્યાન પણ રાખી શકાય છે. દળના સભ્યો આદર્શ રીતે જુદા જુદા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને બનાવવા જોઈએ, જેનાથી જુદા જુદા વર્ગખંડો વચ્ચે જૂથ ભાવના ઊભી થાય, નવાં જૂથ પરિમાણોને પ્રોત્સાહન મળે



તેમજ કેટલાક વિદ્યાર્થીઓને નવા પ્રકારની ભૂમિકા અને જવાબદારીઓ મળી શકે. જુદા જુદા વયજૂથનાં અને જુદાં જુદાં કૌશલ્યો તથા ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓમાં આમાં સામેલ થાય. અલબત્ત, મોટી વયના વિદ્યાર્થીઓ સમગ્ર પ્રવૃત્તિઓ પર વર્ચસ્વ ન જમાવે એનું પણ ધ્યાન રાખવું જોઈએ.

**દળના કાર્યમાળખાની રચના:** સ્વચ્છાગ્રહ દળની પહેલી મિટિંગમાં સભ્યોની ભૂમિકા અને જવાબદારીઓની સ્પષ્ટતા અને સોંપણી થવી જોઈએ. શિક્ષકોએ સમગ્ર પ્રક્રિયામાં સહયોગીની ભૂમિકા ભજવવી જોઈએ અને દળના સભ્યોને બદલે કોઈ નિર્ણય લેવાનું ટાળવું જોઈએ.

સ્વચ્છાગ્રહ દળના સભ્યોની સંભવિત ભૂમિકાઓ અંગેનાં કેટલાંક સૂચનો અહીં જણાવ્યા છે:

**પ્રમુખ:** પ્રમુખે મિટિંગ યોજવાની હોય છે, શિક્ષકો, શાળાના તંત્ર વગેરે સાથે સંપર્કમાં રહેવાનું હોય છે, જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન અને પ્રોજેક્ટ્સના સંચાલનમાં દળ વતી નેતૃત્વ કરવાનું હોય છે.

**મંત્રી:** મિટિંગની મિનિટ્સ રાખવાની હોય છે, આચાર્ય, વાલી વગેરે સંબંધિત લોકોને મિટિંગની મિનિટ્સની નકલ આપવાની હોય છે, મિટિંગમાં હાજર સભ્યોની નોંધ રાખવાની હોય છે, શાળાના દરેક સત્રના અંતે તેમજ વર્ષાંતે યોજાયેલી પ્રવૃત્તિઓનો અહેવાલ તૈયાર કરવાનો હોય છે.

**ખજાનચી:** ખજાનચીએ દળનાં નાણાં એકઠાં કરવાનું અને તેના વહીવટનું કામ કરવાનું હોય છે, ભંડોળ કેટલું આવ્યું અને ક્યાં ખર્ચાયું વગેરેની વિગતો નોંધી રાખવાની હોય છે.

**સાધન-સામગ્રી સંચાલક:** દળનાં સાધનો, સામગ્રીઓ, પુસ્તકો, વિડિયોઝ, ચાર્ટ્સ વગેરે તમામ વસ્તુઓની સુરક્ષિત જાળવણી કરવાની જવાબદારી તેના પર હોય છે.

**પ્રોજેક્ટ વડાઓ:** વિશેષ સમસ્યાઓને ઉકેલવા માટેના પ્રોજેક્ટમાં વિદ્યાર્થીઓના જૂથનું નેતૃત્વ કરવાનું હોય છે.

**સંદેશાવ્યવહાર સંચાલક:** પ્રવૃત્તિઓને લગતી તમામ વિગતો એકઠી કરીને તેને સ્વચ્છાગ્રહ વૉલ, શાળાની વેબસાઇટ, સોશિયલ મીડિયા, વાલીઓને પરિપત્ર, પ્રદર્શન વગેરે થકી તેનો પ્રસાર-પ્રચાર કરવાનો હોય છે.

આ બધા હોદ્દેદારોની પસંદગી દળના સભ્યો દ્વારા જ થવી જોઈએ. વધુ ને વધુ બાળકોને જવાબદારી સંભાળવાની તક મળે એ માટે હોદ્દેદારની મુદતની સમયમર્યાદા ત્રણ મહિના અથવા તો વધીને એક સત્ર સુધીની રાખવી જોઈએ.

દળના સભ્ય હોય એવા વિદ્યાર્થીઓને વિશેષ ઓળખ મળવી જોઈએ.સભ્યોને બિલ્લો કે પટ્ટો કે હાથમાં પહેરવાનો બેન્ડ વગેરે આપવું જોઈએ, જેથી તેઓ શાળામાં એ પહેરીને આવે.

સ્વચ્છાગ્રહ દળની પ્રારંભિક પ્રવૃત્તિઓમાં પોતપોતાની ભૂમિકા સમજવી, એક વર્ષ માટેના એજન્ડા અને પ્રવૃત્તિઓનું આયોજન કરવાનો સમાવેશ થઈ શકે છે.

આનાથી વિદ્યાર્થીઓને એક સંગઠિત જૂથમાં કઈ રીતે કામ થઈ શકે, એની તાલીમ મળશે. દળના સભ્યોએ ગતિવિધિના માત્ર 'દર્શક' બની રહેવાનું નથી, પરંતુ તેમણે પોતાનાં 'કાર્ય' થકી પરિવર્તન લાવવાનું છે.



## આચારસંહિતા — પ્રવૃત્તિ ૧

***ઉદ્દેશ:*** *'સ્વચ્છાગ્રહ' માટે આચારસંહિતા ઘડવી*

***શિક્ષણ પદ્ધતિ :*** *જૂથકાર્ય અને ચર્ચા*

***જરૂરી સાધનો :*** *ચાર્ટ પેપર, લેખન સામગ્રી, નોટિસ બોર્ડ*

***પ્રક્રિયા :***

*૧. આચારસંહિતાનું પત્રક (ચાર્ટર) એટલે શું, એ અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.*
*૨. સ્વચ્છાગ્રહ માટે કેવું ચાર્ટર હોવું જોઈએ, એ માટે ચર્ચાવિચારણા કરવાની છે.*
*૩. સભ્યોને ત્રણ જૂથમાં વહેંચીને સ્વચ્છાગ્રહ માટેનું ચાર્ટર તૈયાર કરવા જણાવો.*
*૪. ત્યાર પછી દરેક જૂથ પોતાના ચાર્ટર અંગે રજૂઆત કરવા જણાવો.*
*૫. મુસદ્દા સમિતિની રચના કરો, જે ચર્ચાના આધારે એક મુસદ્દો ઘડશે અને શાળાના સંચાલક - આચાર્ય, સહાયક કર્મચારીઓ, શિક્ષકો, ટ્રસ્ટીઓ, વહીવટી તંત્ર વગેરે સમક્ષ તેને રજૂ કરીને મંજૂરી મેળવવામાં આવશે.*

***પરિણામ :***

*૧. સભ્યોમાં સ્વચ્છાગ્રહ માટે પ્રતિબદ્ધતાનું ઘડતર કરે છે.*
*૨. ચાર્ટર સંબંધિત લોકો સુધી 'ઉદ્દેશ'ની અને પ્રતિબદ્ધતાની વાત પહોંચાડે છે.*
*૩. સ્વચ્છાગ્રહ માટેની પ્રવૃત્તિઓના આયોજનમાં સહાયક બને છે.*
*૪. સંબંધિત તમામ લોકો દ્વારા સ્વીકૃત લેખિત આચારસંહિતા પ્રાપ્ત થાય છે.*



માતા-પિતાઓને પોતાનાં સંતાનોએ શાળા દરમિયાન અને શાળાની બહાર શું કરવું જોઈએ, એ અંગે ચોક્કસ અપેક્ષાઓ હોવી સહજ છે. એટલે જ દળની પ્રવૃત્તિઓની સફળતા માટે જરૂરી છે કે સભ્યોનાં માતા-પિતાઓને તેમનાં કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની જાણ હોવી જોઈએ તથા માતા-પિતાઓ પણ આ પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકે એ માટે તેમને તક પૂરી પાડવી જોઈએ. માતા-પિતાઓને અમુક કાર્યક્રમોમાં ન્યાયાધીશ (જજ) બનાવી શકાય, કેટલાકને નિષ્ણાત વ્યક્તિ (રિસોર્સ પર્સન) તરીકે આમંત્રી શકાય, કેટલાંક માતા-પિતાઓ પ્રવાસ, શિબિરો વગેરેમાં દળના સભ્યોની સાથે પણ જોડાઈ શકે. તેઓને દળના દરેક કાર્યક્રમ કે સમારંભમાં આમંત્રણ આપવું જ જોઈએ.

**સાર્થક મિટિંગનું આયોજન!**

૧. મિટિંગ કોઈ ચોક્કસ કારણ માટે થવી જોઈએ.

મિટિંગના એજન્ડાના સ્વરૂપે આ બાબત આવરી લેવાય છે. મિટિંગના એજન્ડાને મિટિંગ પહેલાં જ તમામ સભ્યો સુધી પહોંચાડવો જોઈએ.

૨. મિટિંગની કામગીરીની વ્યવસ્થિત નોંધ (મિનિટ્સ) થવી જરૂરી છે.

અધિકૃત મિનિટ્સની મદદથી જ કયા સભ્યએ શું કહ્યું હતું, અમુક મુદ્દે કોણ સંમત હતું કે કોણ અસંમત હતું, વગેરેનો રેકોર્ડ રાખી શકાય છે. મિટિંગની મિનિટ્સ રાખવાને કારણે સાતત્ય અને અધિકૃતતા ઊભી થતી હોય છે.

૩. ભાવિ આયોજન

મિટિંગને અસરકારક અને સફળ બનાવવા માટે ભાવિ આયોજન - આગળની કાર્યવાહીના નિર્ણયો થવા જરૂરી છે. આંતરિક સ્તરનાં પગલાં કે સ્પષ્ટ ભાવિ આયોજન વિના મિટિંગ માત્ર લોકો વચ્ચેની વાતચીત રહી જાય છે અને કશું આગળ વધતું નથી.

## રોલ પ્લે – શાળામાં સમસ્યા અંગે ચર્ચા કરવા મિટિંગનું આયોજન કરવું!

**પ્રવૃત્તિ ૨**

*ઉદ્દેશ : શાળાના તંત્રમાં દરેક વ્યક્તિની ભૂમિકા અને મર્યાદા સમજવી.*
*શિક્ષણ પદ્ધતિ : પાત્રની ભજવણી (રોલ પ્લે)*
*કૌશલ્યનો વિકાસ : પ્રત્યાયન, સદભાવના, જૂથકાર્ય (ટીમ વર્ક), નેતૃત્વ, ભાવના પર નિયંત્રણ*
*શૈક્ષણિક સાધનો : ચાર્ટ પેપર, પેન્સ*
*જૂથનું કદ : સ્વચ્છાગ્રહ દળના સભ્યો*
*સમયગાળો : પ્રવૃત્તિ માટે ૬૦ મિનિટ્સ*

**પ્રસ્તાવના :**

રોલ પ્લે એ નિયમો અંગે શ્રદ્ધા ઊભી કરવાની કવાયત છે. શાળાના માળખામાં સંબંધિત જુદા જુદા લોકોની ફરજો અને મર્યાદાઓને સમજવું, ઉઠાવવા જેવા ચોક્કસ મુદ્દાઓનું મહત્ત્વ કે પૂરી થવી જોઈએ એવી માગણીઓને ધ્યાનમાં રાખવી જરૂરી છે. રોલ પ્લેની જ્યારે શરૂઆત કરવામાં આવે ત્યારે સમગ્ર જૂથ પોતાના પાત્ર મુજબ જ ભૂમિકા ભજવે અને સમય પૂરો ન થાય ત્યાં સુધી તેના પર ધ્યાન કેન્દ્રિત રાખે, એ બહુ જ મહત્ત્વપૂર્ણ છે.





સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પરિસ્થિતિનો નમૂનો અને કેટલીક ભૂમિકાઓ નમૂનારૂપ આપવામાં આવી છે. સ્વચ્છાગ્રહ પ્રેરક ઇચ્છે તો આનો ઉપયોગ કરી શકે છે અથવા તો પોતાની રીતે સ્થિતિ ઊભી કરીને જુદાં જુદાં પાત્રો સર્જી શકે છે, જે પોતાની શાળાના સંદર્ભ સાથે વધારે બંધબેસતા હોય.

**પરિસ્થિતિનો નમૂનો :**

કચરો ફેંકવો એ એક પર્યાવરણીય અપરાધ છે, પરંતુ ભારતમાં તો તે બહુ સામાન્ય બાબત બની ગઈ છે. લોકોને સ્વચ્છ અને સુઘડ ઘરોમાં રહેવું ગમે છે, પરંતુ પોતાના ઘરની હદની બહારની સ્વચ્છતા માટે તેમને કોઈ પરવા હોતી નથી. ૯૪ ટકા લોકો ગંદકીને ગંભીર પર્યાવરણીય મુદ્દો ગણે છે, છતાં તેમના વ્યવહારમાં આ વાત પ્રતિબિંબિત થતી નથી. શાળાઓમાં કચરાની ફેંકાફેંકીની મોટી સમસ્યા છે. એક વ્યક્તિને આ સમસ્યા અંગે ચિંતા થાય છે અને તે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે એક મિટિંગ ગોઠવે છે.

**ભૂમિકાઓ અને તેનું વર્ણન :**

**સફાઈકર્મીઓ :** વિદ્યાર્થીઓ દ્વારા ફેંકાતા કચરાથી તેઓ કંટાળેલા છે. તેમના મતે શાળાના લગભગ તમામ ખૂણે કચરાપેટી રાખવામાં આવી છે, છતાં વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરવા હજુ તૈયાર નથી. માતા-પિતાઓએ પણ પોતાનાં સંતાનોને જ્યાં ત્યાં કચરો નહીં ફેંકવાનું શીખવવું જોઈએ. તેમને લાગે છે કે વહીવટી તંત્ર પણ જરૂરી સહયોગ આપતું નથી અને તેઓ આ સમસ્યાના ઉકેલ માટે કોઈ પગલાં ભરતાં જ નથી. તેમનામાં એ વાતનો પણ ગુસ્સો છે કે વિદ્યારથીઓ શૌચાલયનો યોગ્ય રીતે વપરાશ કરતાં નથી તથા તેઓ ભોજનશાળાને પણ વારંવાર સાફ કરતા નથી.

**વહીવટી તંત્ર :** વહીવટ કરનારાઓને લાગે છે કે વર્ગખંડની સફાઈ માટે તમામ પ્રકારની સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કર્મચારીઓ પૂરતા પ્રમાણમાં નથી અને વધારે લોકોને આ કામ માટે રોકવાની જરૂર છે.

**આચાર્ય :** આચાર્ય માને છે કે આ સમસ્યાના ઉકેલ માટે શિક્ષણ જ શ્રેષ્ઠ માર્ગ છે. દરેક કર્મચારીએ આ સમસ્યાના ઉકેલ માટે પોતપોતાની રીતે ભૂમિકા ભજવવાની હોય છે. વધારાના કર્મચારીની કોઈ જરૂર નથી. આ સમસ્યાના ઉકેલની જવાબદારી વિદ્યાર્થીઓને પણ સોંપવી જોઈએ. તેમને લાગે છે કે વિદ્યાર્થીઓ જ્યાં ત્યાં કચરો નાખે અને ગંદકી થાય એવી વર્તણૂક દાખવે એમાં શિક્ષકોનો પણ વાંક છે કે તેઓ આ બાબતે કડક બનતા નથી. તેમણે ગેરવર્તણૂક કરનારાં વિદ્યાર્થીઓને કડક સજા આપવી જોઈએ. તેમને એવું લાગે છે કે શિક્ષકોએ વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપવું જોઈએ અને તેમને સ્થિતિ સમજાવવી જોઈએ.

**શિક્ષકો :** શિક્ષકોને લાગે છે કે તેઓ પોતાનો અભ્યાક્રમ પણ માંડ પૂરો કરી શકે છે ત્યારે સ્વચ્છતા અંગે શીખવવા બેસવું બહુ અઘરું છે. ખરેખર તો માતા-પિતા અને પરિવારે જ બાળકને સ્વચ્છતા અને આરોગ્ય અંગે જાગૃત કરવા જોઈએ અને શીખવવું જોઈએ કે કચરો ગમે ત્યાં ન ફેંકાય. વિદ્યાર્થીઓ પર સતત દેખરેખ રાખવું પણ ઘણું મુશ્કેલ પડે છે. આનાથી તો તેમનો કાર્યબોજ વધી જશે. તેમને એવું પણ લાગે છે કે સફાઈકર્મીઓ બરાબર કામ કરતા નથી.

**માતા-પિતા :** માતા-પિતાઓના મતે તેઓ તેમનાં સંતાનોને ભણવા માટે મોકલે છે, તેમને શાળાના સંકુલની સફાઈ કરવા માટે નહીં. આ એક વ્યાપક સામાજિક સમસ્યા છે. સફાઈકાર્યો બાળકો કરે તો તેમના આરોગ્ય પર જોખમ ઊભું થઈ શકે છે. તેમને લાગે છે કે શાળા જ્યારે તગડી ફી વસૂલતી હોય છે ત્યારે તેમણે વધારે સફાઈ કર્મચારીઓ રાખવા જોઈએ.

**વિદ્યાર્થી પરિષદ :** વિદ્યાર્થીઓ અને તેમના નેતાઓને લાગે છે કે શાળામાં જ્યારે પણ કોઈ નિર્ણય લેવાય ત્યારે તેમને તેમાં સામેલ કરવા જોઈએ. તેમની પાસે શાળા માટેનાં સૂચનો હોય છે, જેમકે સ્વચ્છતા દળ તરીકે વિદ્યાર્થીઓનું એક નાનકડું જૂથ છે, જે પર્યાવરણ સંબંધિત મુદ્દાઓમાં સામેલ થઈ શકે છે અને ઉકેલ શોધવાની દિશામાં વિચારી શકે છે. આજુબાજુના વિસ્તારની સ્વચ્છતા જાળવી રાખવા માટે સફાઈ અભિયાનની ખાસ જરૂરી છે. વર્ષના અંતે 'શ્રેષ્ઠ સ્વચ્છાગ્રહી' એવોર્ડ આપી શકાય.

**નિષ્કર્ષ અને ચર્ચા :**

ચર્ચા કરવા લાયક મુદ્દાઓ અને અનુભવની પ્રતિક્રિયા જાણવા માટે કેટલાક સવાલો પૂછવા

૧. તમે શું શીખ્યા?

૨. સ્વચ્છતા એ શું આપણા સૌની જવાબદારી છે કે પછી માત્ર સફાઈકર્મીઓની જ ? શા માટે?

૩. પ્રોજેક્ટની પ્રવૃત્તિઓમાં દરેકે સામેલ થવાનું મહત્ત્વ શા માટે છે?

**પરિણામ :**

શાળાના તંત્રમાં સંબંધિત જુદા જુદા લોકોની કેવી ભૂમિકા હોય છે અને તેમણે શું કાર્ય કરવાનું હોય છે અને કેવી જવાબદારીઓ નિભાવવાની હોય છે, તે અંગે સ્વચ્છાગ્રહીની સમજ વિકસશે.

## સ્વચ્છાગ્રહ વૉલ ડિઝાઇન કરવી — પ્રવૃત્તિ ૩

***ઉદ્દેશ :***

- *સંબંધિત તમામ લોકો સુધી સ્વચ્છાગ્રહ કાર્યક્રમની વાત પહોંચાડવી.*
- *શાળા સ્તરે પ્રોજેક્ટના આયોજન, પ્રગતિ અને મુખ્ય પરિણામો અંગેની રજૂઆત માટેની જગ્યા પૂરી પાડવી.*
- *સ્વચ્છાગ્રહીઓને મુખ્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત રાખવા અભિપ્રેરિત (મોટિવેટ) કરવા.*
- *'સ્વચ્છતાની સંસ્કૃતિ' અંગેના મુદ્દાઓ અંગે સ્વચ્છાગ્રહીઓ, શિક્ષકો અને વાલીઓ વચ્ચે ચર્ચા કરવાનું નિમિત્ત પૂરું પાડે છે.*

***શિક્ષણ પદ્ધતિ :*** *વર્ગખંડમાં ચર્ચા*

***કૌશલ્યનો વિકાસ :*** *પ્રત્યાયન, સર્જનાત્મક વિચાર અને લેખન, કળા અને કૌશલ્ય, જૂથકાર્ય (ટીમ વર્ક)*

***શૈક્ષણિક સાધનો :*** *અખબારો, સામયિકો, તસવીરો*

***જૂથનું કદ :*** *સ્વચ્છાગ્રહ દળના સભ્યો*

***સમયગાળો :*** *પ્રવૃત્તિ માટે ૩૦ મિનિટ્સ*



**પ્રસ્તાવના :**

સ્વચ્છાગ્રહ વૉલ કે બુલેટિન બોર્ડ એ શાળામાં અને વાલીઓ સુધી સંદેશો પહોંચાડવાનું પ્રાથમિક સાધન છે. શાળાઓમાં સામાન્ય રીતે બુલેટિન બોર્ડનો ઉપયોગ થતો હોય છે, ખાસ કરીને શાળામાં હકારાત્મક માહોલ સર્જવા, વિદ્યાર્થીઓની સારી પ્રવૃત્તિઓને બિરદાવીને પ્રોત્સાહન આપવા તેમજ વાલીઓ તથા મુલાકાતીઓનો રસ વધારવા માટે તે ઉપયોગી બનતું હોય છે. આ અદભુત માધ્યમ છે, કારણ કે તેના થકી સ્વચ્છાગ્રહીઓને પ્રવૃત્ત રાખી શકાય છે કે સામેલ કરી શકાય છે.

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં :**

શાળામાં સૌપ્રથમ પ્રવૃત્તિ તરીકે, વૉલ એ સંદેશાવ્યવહારનું પહેલું 'માધ્યમ' બને છે, જે સ્વચ્છાગ્રહ પ્રોજેક્ટનાં અપેક્ષિત પરિણામો અંગેની વાત વિદ્યાર્થીઓ સુધી પહોંચાડે છે. 'એક ચિત્ર હજાર શબ્દોની ગરજ સારે છે' એ ઉક્તિને ધ્યાનમાં લઈને વૉલ તૈયાર કરવાની પ્રવૃત્તિ કરાવવામાં આવે છે અને વિદ્યાર્થીઓમાં એક ઉમદા વિચાર માટે પ્રવૃત્ત થવાનો રાજીપો સર્જવામાં આવે છે. આપણે હંમેશાં એ બાબતે સભાન રહેવાની જરૂર છે કે આ દીવાલ બાળકોની, બાળકો માટેની અને બાળકો દ્વારા સંચાલિત રહેશે તો તેમની પૂર્ણ સામેલગીરી ઊભી થશે. સ્વચ્છાગ્રહીનાં જેટલાં વધારે કાર્યોને જાહેરમાં મૂકવામાં આવશે, સ્વચ્છાગ્રહીનો પોતાપણાનો ભાવ વધશે અને તેમના દ્વારા વધારે સારી રીતે પ્રવૃત્તિઓ કરવામાં આવશે. દીવાલ થકી ભલે ઓછા લોકોનું ધ્યાન આકર્ષિત થાય, છતાં તેનાથી વિચારવાની પ્રક્રિયા તેમજ અભિગમ તથા કામકાજમાં પરિવર્તનને ઉત્તેજન મળે છે.

આ દીવાલ તમામ સહયોગીઓ માટે વિચારો વ્યક્ત કરવાનું અને પ્રેરણાઓ પ્રાપ્ત કરવાનું સાધન બને છે. શરૂઆતમાં દીવાલ પર રજૂ કરી શકાય એવા કેટલાક વિચારો, જેમાં આગળ જતાં સ્વચ્છાગ્રહીઓની સર્જનાત્મકતાથી સુધારા-વધારા થઈ શકે:

૧. સ્વચ્છાગ્રહીની ખાસિયતોની વાત કરવી.

૨. શહેર કે સમુદાય માટેના મુદ્દાઓ અંગેની ઉપલબ્ધ માહિતીઓની રજૂઆત કરવી. આપણે યાદ રાખવું રહ્યું કે લોકો માહિતી, વિગતો, તસવીરો વગેરે હોય ત્યારે શ્રેષ્ઠ પ્રતિસાદ આપતા હોય છે. દીવાલ પર એવી જ સામગ્રી લગાવવી, જે સ્થાનિક હોય, જેની સાથે તેઓ જોડાઈ શકે અને તેઓ પોતાની આજુબાજુ જોતાં હોય એવી વિગતો રજૂ કરવી. અખબારી લેખો, ઇન્ટરનેટ, અગાઉની અને આજની સ્થિતિ દર્શાવતાં ચિત્રો, મુલાકાતો, નક્શાઓ વગેરે ઉપલબ્ધ સામગ્રીને સર્જનાત્મક રીતે રજૂ કરવી.

૩. સ્વચ્છાગ્રહ દળ દ્વારા યોજાતા સર્વેનાં તારણો પણ વૉલ પર રજૂ કરવા, વૉલ પર હકારાત્મક વર્તણૂકને પણ જાહેર કરવી જોઈએ. કચરાની ફેંકાફેંકી કે હાથ ધોવા જેવી બાબતોમાં આવેલા સુધારાને દર્શાવવા માટે કલર કોડિંગ સાથેના ચાર્ટનો ઉપયોગ કરી શકાય.

**નિષ્કર્ષ અને ચર્ચા :**

શાળાની મુલાકાત લેનારાને વૉલ ઘણું બધું જણાવી શકે છે. વૉલ પર સંવાદાત્મક (ઇન્ટરેક્ટિવ) તત્ત્વો ઉમેરવાં જોઈએ, જેનાથી કોરી માહિતીને બદલે અમુક સ્તર સુધી અભિગમ ઘડતર અને કાર્યના સ્તર સુધી પહોંચી શકાય. પોસ્ટરમાં અરીસો લગાવવો, એ સંવાદાત્મક તત્ત્વનું એક ઉદાહરણ છે. શાળાના 'સ્વચ્છાગ્રહ સ્ટાર'ને ચમકાવવા જોઈએ, જેથી આદર્શમૂર્તિ (રોલ મોડલ) સમાન વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તથા અન્યોને પ્રેરણા મળે. વિદ્યાર્થીઓનો રસ જળવાઈ રહે એ માટે વૉલ પર સતત નવું નવું મૂકતા રહેવું જરૂરી છે.

**મૂલ્યાંકન :**

શાળામાં ચાલતી પ્રવૃત્તિની સ્થિતિ અંગે સમીક્ષા કરીને ગુણ (રેટ) આપવા, જેનાથી શાળામાં ચાલતી કઈ બાબતો અંગે ગર્વ લેવો જોઈએ તથા કયા મામલે ધ્યાન આપવાની અને પગલાં લેવાની જરૂર છે, તેનો પણ અંદાજ આવી શકે.

લીલો : જે પ્રવૃત્તિઓ અને વર્તણૂક નિયમિત જોવા મળતા હોય તેની પ્રશંસા કરવી.

પીળો : જે પ્રવૃત્તિઓ અને વર્તણૂક અમુક સ્તર સુધી જ થતાં હોય, પણ વ્યાપક ન હોય.

લાલ : 'સ્વચ્છતાની સંસ્કૃતિ'ને જરાય માફક ન આવે એવી પ્રવૃત્તિ અને વર્તણૂક.

## સ્વચ્છાગ્રહીની ખાસિયતો — પ્રવૃત્તિ ૪

***ઉદ્દેશ :*** *સ્વચ્છાગ્રહીની ખાસિયતો ઓળખવી અને સમજવી.*
***શિક્ષણ પદ્ધતિ :*** *જૂથકાર્ય (ટીમ વર્ક) અને ચર્ચા*
***કૌશલ્યનો વિકાસ :*** *સર્જનાત્મક દસ્તાવેજીકરણ, પ્રતિભાવ, લક્ષ્ય નિર્ધારણ*
***શૈક્ષણિક સાધનો :*** *સ્વચ્છાગ્રહનાં પોસ્ટર, સામયિકો, તસવીરો, સ્કેચ પેન્સ વગેરે*
***જૂથનું કદ :*** *સ્વચ્છાગ્રહ દળના ૧૫ સભ્યો*
***સમયગાળો :*** *દર સપ્તાહે પ્રવૃત્તિ માટે ૩૦ મિનિટ્સ*

**પ્રસ્તાવના :**

ખાસિયત એટલે કોઈ વ્યક્તિ કે વસ્તુના ચરિત્ર કે વ્યક્તિત્વના હિસ્સા સમાન સદગુણો કે વિશેષતાઓ. આ પ્રોજેક્ટમાં સ્વચ્છાગ્રહી સૌથી મહત્ત્વપૂર્ણ પાત્ર છે અને એટલે જ તેની ખાસિયતો-સદગુણોને સમજવા ખૂબ જ જરૂરી છે.

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં :**

- સ્વચ્છાગ્રહી સાથે ચર્ચા શરૂ કરો કે તમે કોને સ્વચ્છાગ્રહી ગણી શકો? સ્વચ્છાગ્રહીમાં કયા કયા સદગુણો હોવા જ જોઈએ?
- બુલેટિન બોર્ડની વચ્ચોવચ્ચ સ્વચ્છાગ્રહ પોસ્ટર મૂકો. વિદ્યાર્થીઓને કાગળ પર સ્વચ્છાગ્રહીની ખાસિયતો લખવા અને પછી એ કાગળને પોસ્ટરની આજુબાજુ ચોંટાડવા જણાવો.
- વિદ્યાર્થીઓને શક્ય હોય ત્યાં સુધી સર્જનાત્મક બનવા માટે પ્રોત્સાહિત કરવા.

**નિષ્કર્ષ અને ચર્ચા :**

સ્વચ્છાગ્રહી તરીકે આ પ્રોજેક્ટનો હિસ્સો હોવાના નાતે તેમણે કઈ કઈ જવાબદારીઓ ઉઠાવવાની રહેશે, એની ચર્ચા કરો. સ્વચ્છાગ્રહીમાં જે ખાસિયતો હોવી જરૂરી છે, તેને પ્રવૃત્તિમાં આવરી લો. સર્જનાત્મક બનો અને આમાં સુધારા-વધારા કરો. અહીં આપને એક ઇન્ફોગ્રાફિક આપવામાં આવ્યું છે, જે તમને શરૂઆત કરવામાં મદદરૂપ બનશે.



**પરિણામો :**

દળના સભ્યોને સ્વચ્છાગ્રહીમાં કઈ કઈ ખાસિયત હોવી જોઈએ, તે સમજાવા માંડે છે. સ્વચ્છાગ્રહી પાસે પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી કેવાં મૂલ્યો, જ્ઞાન, અભિગમ અને વર્તણૂકની અપેક્ષા રાખવામાં આવે છે, તે અંગે એક સામાન્ય સમજ ઊભી થશે.

સ્વચ્છાગ્રહી પ્રેરક જે ખાસિયતોને શોધે છે, તે આ મુજબ છે:

### મૂલ્યો

**ઉમદા ઉદ્દેશ માટે એકતા**

સ્વચ્છાગ્રહીઓ 'સ્વચ્છ સંસ્કૃતિનું સર્જન' જેવા ઉમદા ઉદ્દેશ માટે ભેગા મળીને સ્વચ્છાગ્રહ દળ ઊભું કરે છે. આ દળ અન્ય સાથી વિદ્યાર્થીઓ, શાળાના કર્મચારીઓ, પાડોશીઓ અને સમુદાયોને પણ પોતાની સાથે જોડીને સ્વચ્છતાનો સંદેશ ફેલાવે છે.

**સહભાવ**

સ્વચ્છાગ્રહી એવું વર્તન કરે છે જે અન્યને ઉપયોગી બને છે અને દરેક સ્થિતિમાં અનુકૂળ આવે એવો અભિગમ અપનાવે છે, યોગ્ય આયોજન, યોગ્ય સમય, યોગ્ય સમસ્યા-ઉકેલ, યોગ્ય રીતે પ્રતિબદ્ધતા સાથે કામ કરવું વગેરે.

**વ્યવસ્થિત વિચારણા**

સ્વચ્છાગ્રહી સારા નિર્ણયો લેવા માટે સ્થિતિને સમજવા અને વિશ્લેષણ કરવાની સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થાય છે. સ્વચ્છાગ્રહી પોતાની આજુબાજુના પડકારોને જાણે છે, સમગ્ર માળખાનું (જેમકે, સંકુલમાં કચરાપેટીના અભાવે કચરો ગમે તે ફેંકાય છે) વિશ્લેષણ કરે છે અને સ્થિતિમાં સુધારો લાવે એવા ઉકેલ સૂચવે છે.

**પ્રભાવકતા અને નેતૃત્વ**

સ્વચ્છાગ્રહી પોતાના પ્રોજેક્ટની રજૂઆત એવી પ્રભાવશાળી રીતે કરે છે અને તેની વિગતોનું આદાનપ્રદાન એ રીતે કરે છે કે તેના સાથીઓ તેમજ પાડોશીઓ પર તેની હકારાત્મક અસર થાય છે અને તેઓ પણ આ આંદોલનમાં સામેલ થાય છે.

**કોઈને ઉતારી પાડતો નથી**

સ્વચ્છાગ્રહી હંમેશાં પોતાના સાથીઓ, પાડોશીઓ, સફાઈકર્મીઓ કે કચરો વીણનારાઓને સન્માન આપે છે, તે કોઈના વિશે ટીકા કે આલોચનાત્મક ટિપ્પણી કરતો નથી.

## અભિગમ

**ન હિંસા / ન ઉગ્રતા**

સ્વચ્છાગ્રહી હંમેશાં શાંત-સ્થિર રહેશે, ક્યારેય ઉગ્ર બનશે નહીં.

**મક્કમ, નમ્ર, કાળજી**

સ્વચ્છાગ્રહી પોતાના શબ્દો-મંતવ્યો બાબતે મક્કમ હશે, પરંતુ કાર્ય કરતી વખતે તે હંમેશાં નમ્ર હશે.

**નિષ્ઠાવાન અને ઉદ્દેશને વળગી રહેશે**

સ્વચ્છાગ્રહી કાર્યક્રમના ઉદ્દેશો પ્રત્યે નિષ્ઠાવાન હશે અને દેશના યુવાનોની વર્તણૂકમાં પરિવર્તન લાવવાના પરિણામદાયી ઉદ્દેશોને હંમેશાં વગળી રહેશે.

**સામાજિક વિવેક**

શહેરમાં કોઈ પણ વ્યક્તિ સામે કેવા પડકારો હોઈ શકે અને તેનો સામનો કઈ રીતે સફળતાપૂર્વક કરવો જોઈએ, તેની જવાબદારીપૂર્ણ સમજ સ્વચ્છાગ્રહીમાં હશે. દાખલા તરીકે, કચરાની ફેંકાફેંક, રસ્તા પર થૂંકવું, જાહેર સ્થળે શૌચ વગેરે.

## વર્તણૂક

**અધિક-સક્રિય (પ્રોએક્ટિવ)**

સ્વચ્છતાની સંસ્કૃતિની સમજ ન ધરાવતા લોકોને શિક્ષિત કરવા કે નિદર્શન કરીને સમજાવવા માટે સ્વચ્છાગ્રહી અધિક-સક્રિય રહેશે. દાખલા તરીકે કોઈ અન્યને ફેંકેલા કચરાને પણ વીણી લેશે, શાળાના સંકુલને ચોખ્ખું રાખશે, વગેરે.

**વ્યક્તિગત સ્વચ્છતા અને વ્યવહાર**

સ્વચ્છાગ્રહી અન્યને કહેવા જતાં પહેલાં પોતે વ્યક્તિગત સ્વચ્છતા બાબતે સભાન હશે. તે નિયમિત સ્વચ્છતા જાળવશે. દાખલા તરીકે, નખ કાપવા, રોજ સ્નાન કરવું, જમતાં પહેલાં હાથ ધોવા વગેરે.

**જવાબદાર**

- નિદર્શન દ્વારા
- શિક્ષણ દ્વારા
- દર્શાવવું અને પછી શિક્ષિત કરવા

સ્વચ્છાગ્રહીની ભૂમિકા માત્ર શાળા પૂરતી મર્યાદિત નથી હોતી, પરંતુ તેનામાં એવી આદત જ પાડવામાં આવે છે કે તે ક્યાંય પણ કશું ખોટું થતું હોય તો તરત અવાજ ઉઠાવે. જ્યાં પણ જરૂર હોય ત્યાં શિક્ષણ આપવા કે નિદર્શન થકી સમજાવવા માટે હંમેશાં તૈયાર રહેશે. દાખલા તરીકે, એક વ્યક્તિ જાહેરમાં કચરો ફેંકતી હોય તો સ્વચ્છાગ્રહી તરત તેને કહેશે કે તેણે સ્વચ્છ સંસ્કૃતિ માટે યોગદાન આપવું જોઈએ અને તેને બતાવશે કે કઈ રીતે કચરાનો નિકાલ કરવો જોઈએ.

**પ્રતિભાવક**

સ્વચ્છાગ્રહી લોકો માટે સમભાવ ધરાવતો હોય છે અને તે લોકોને મદદરૂપ બને છે.



## જ્ઞાન

**સ્વચ્છાગ્રહીમાં અપેક્ષિત જ્ઞાન**

સ્વચ્છાગ્રહીને સ્વચ્છાગ્રહના કોન્સેપ્ટની જાણકારી-સમજ હશે તેમજ વર્ષાંતે તેની પાસેથી કેવાં પરિણામની અપેક્ષા રાખવામાં આવી છે, તેનો પણ તેને અંદાજ હશે. સ્વચ્છાગ્રહી પાસે કચરાના વ્યવસ્થાપનની પાયાની જાણકારી હશે કે કઈ રીતે ઘરના સ્તરેથી સમગ્ર શહેરના સ્તરે કચરાનું વ્યવસ્થાપન થતું હોય છે, તેને વ્યક્તિગત સ્વચ્છતા અને સુટેવોનો પણ ખ્યાલ હશે. તે જમતા પહેલાં અને શૌચ પછી હાથ ધોવાનું મહત્ત્વ જાણતો હશે. જાહેર સ્થળોની સ્વચ્છતાની જાળવણી તથા જ્યાં ત્યાં ન થૂંકવું કે શૌચ ન કરવું, એની પણ એનામાં સમજણ હશે.

**પ્રતિક્રિયાત્મકતા/પ્રશ્ન પૂછવાની ક્ષમતા**

સ્વચ્છાગ્રહી અનુભવોનું સમીક્ષાત્મક વિશ્લેષણ કરવા સક્ષમ હોય છે તથા સમસ્યાના ઉકેલ માટે જરૂરી સવાલો પૂછવા પણ સક્ષમ હોય છે.

## માન્યતાઓને જાણો! — પ્રવૃત્તિ ૫

***ઉદ્દેશ :*** *સ્વચ્છતા અને કચરા અંગેની આસપાસના લોકોની માન્યતાઓને સમજવી*
***શિક્ષણ પદ્ધતિ :*** *પ્રશ્નાવલી (સર્વે)*
***કૌશલ્યનો વિકાસ :*** *પ્રશ્નોત્તરી કરવી, વિશ્લેષણ કરવું અને સમીક્ષાત્મક વિચારવું*
***શૈક્ષણિક સાધનો :*** *પ્રશ્નાવલી, પેન*
***જૂથનું કદ :*** *સ્વચ્છાગ્રહ દળના તમામ સભ્યો*
***સમયગાળો :*** *દર સપ્તાહે પ્રવૃત્તિ માટે ૩૦ મિનિટ્સ*

**પ્રસ્તાવના :**

લોકોની કેટલીક માન્યતાઓ તેમના વ્યવહારમાં પરિવર્તન લાવવામાં મોટા અંતરાય રૂપ બનતી હોય છે. કોઈ પણ વર્તન પરિવર્તન માટેના શૈક્ષણિક કાર્યક્રમમાં લોકોની માન્યતાઓ અને તે કઈ રીતે જામેલી છે, તેનું ધ્યાન રાખવું જરૂરી છે. માન્યતાઓ બદલ્યા વિના લોકોના વર્તન પર પ્રભાવી એવી માનસિકતાને બદલાવી શકાતી નથી. વર્તનનું સૌથી ચોક્કસ અનુમાન તેની માનસિકતા પર આધારિત હોય છે.

**સ્વચ્છાગ્રહ પ્રેરક કરાવવાની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓની સ્વચ્છતા અને કચરા અંગેની માન્યતાઓ જાણવા માટેની એક મહત્ત્વપૂર્ણ રીત છે, શાળામાં એક સર્વે હાથ ધરવો.

સ્વચ્છાગ્રહ દળના સભ્યો સાથે વિદ્યાર્થીઓ અને સમુદાયના વર્તન અંગે એક સર્વે તૈયાર કરવો અને યોજવો જોઈએ. સ્વચ્છાગ્રહ દળે શાળામાં અને ખાસ તો ધોરણ ૬થી ૮ના તમામ વિદ્યાર્થીનો સર્વે હાથ ધરવો જોઈએ.

**સર્વેના પત્રકમાં અહીં જણાવેલા પ્રશ્નોને સામેલ કરી શકાય.**

૧. તમારી શાળા/શહેરની મુખ્ય સમસ્યાઓ કઈ કઈ છે? (જુઓ કે સ્વચ્છતાની સમસ્યાનો ઉલ્લેખ થાય છે કે નહીં?)

૨. સ્વચ્છતા કઈ રીતે નિર્ધારિત કરી શકાય?

૩. કોઈ સ્થળની સ્વચ્છતાનો આધાર કયાં પરિબળો પર રહેલો છે, તેની યાદી તૈયાર કરો અને પછી તમારી પસંદગી મુજબના ક્રમમાં ગોઠવો.

૪. સ્વચ્છ ભારત અભિયાન જેવી ઝુંબેશથી કોઈ અસર થશે? કેવી રીતે?

૫. તમારી એવી કઈ વર્તણૂક છે, જેનાથી તમને લાગે છે કે આજુબાજુ સ્વચ્છતાની જાળવણીમાં મદદ બનશે?

૬. તમને એવું શા માટે લાગે છે કે આપણાં શૌચાલયો સ્વચ્છ નથી હોતાં?

૭. આપણી કઈ આદતોને કારણે આપણું શહેર ગંદું થાય છે?

૮. તમે હાથ ધુઓ છો? ક્યારે? તમે કેટલી વાર સાબુથી હાથ ધુઓ છો?

૯. આપણે લોકોની વર્તણૂક-વ્યવહાર કઈ રીતે બદલી શકીએ?

૧૦. તમે ઘરમાં, શાળામાં, ઑફિસમાં કે જાહેર જગ્યાઓ પર લોકોના વર્તન-વ્યવહારને બદલવાનો પ્રયાસ કર્યો છે? તમને કેવો પ્રતિભાવ મળ્યો હતો?

૧૧. આપણાં શહેરોને સ્વચ્છ રાખવા માટે સરકારે શું કરવું જોઈએ?

૧૨. શહેરને સ્વચ્છ રાખવા માટે નાગરિકોએ શું કરવું જોઈએ?

૧૩. કચરામાં થતાં વધારા માટે ક્યાં કારણો જવાબદાર છે?

૧૪. અહીં આપેલીમાંથી તમે કઈ પ્રવૃત્તિ કરી ચૂક્યા છો?

ક. રસ્તા પર કચરો ફેંકવો

ખ. જાહેર સ્થળો પર થૂંકવું

ગ. કાર/બસ/ટ્રેનની બારીમાંથી કચરો ફેંકવો

૧૫. શું તમને લાગે છે કે જાગૃતિ વધવાથી સ્વચ્છતા પણ વધી શકશે?

૧૬. તમારી આદતોને સુધારવા માટે કેવી વિગતો તમને મદદરૂપ થઈ શકે?

૧૭. આપણા શહેરને સ્વચ્છ રાખવાની મૂળભૂત ફરજ કોની છે? શા માટે?

૧૮. સક્રિય નાગરિકતા એટલે શું

૧૯. અહીં આપેલાં વાક્યો પૂરાં કરો

હું માનું છું કે કચરાપેટી.............................. છે.

હું માનું છું કે સ્વચ્છ સ્થળ............................છે.

હું માનું છું કે સ્વચ્છતા એટલે............................

હું માનું છું કે જે વ્યક્તિ કચરો ફેંકે છે તે................



**નિષ્કર્ષ અને ચર્ચા :**

૧. જાગૃતિ અભિયાનની રૂપરેખા તૈયાર કરવા માટે માન્યતાઓનું સંકલન કરો.

૨. પ્રતિભાવનું વિશ્લેષણ કરો અને વિદ્યાર્થીઓ વચ્ચે સમસ્યા અને માન્યતાઓ અંગે ચર્ચા કરો.

**પરિણામ :**

૧. સ્વચ્છાગ્રહીમાં શાળામાં સફાઈ અને કચરા અંગેની વિદ્યાર્થીઓની માન્યતાઓ અને નિશ્ચય અંગે વધુ સારી સમજ કેળવાશે.

૨. આનાથી વધેલી સમજ આગામી કાર્ય આયોજનને તૈયાર કરવામાં મદદરૂપ બનશે.

૩. સમસ્યાના ઉકેલ માટે એક સંકલ્પ ઊભો કરવો.

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટેની પ્રવૃત્તિ :**

સર્વેમાં મળેલી વિગતોનું વિશ્લેષણ કરવું અને તમારી શાળામાં સ્વચ્છતા માટેના મુખ્ય સંકલ્પો શોધી કાઢવા.

૧. સ્વચ્છાગ્રહ દળના સભ્યોને સર્વે થકી મળેલી વિગતોનું વિશ્લેષણ કરવા કહો.

૨. સર્વેનાં તારણો અંગે ચર્ચા કરો અને સ્વચ્છતાની સંસ્કૃતિ સુનિશ્ચિત કરવાના સંકલ્પ અંગે દિમાગી નક્શો (માઇન્ડ મેપ) તૈયાર કરવો.

૩. દિમાગી નક્શા અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો અને સંકલ્પોને ઉમેરવા પ્રયાસ કરો.

૪. દિમાગી નક્શાને ફરી જરા વિસ્તૃત રીતે તૈયાર કરો અને તેને સ્વચ્છાગ્રહ વૉલ પર દર્શાવો. આને અસરકારક બનાવવા માટે તમે તમારા સંકલ્પોની સાથે સાથે સંબંધિત બાબતોના આંકડા પણ કૌંસમાં રજૂ કરી શકો છો તથા તેની અગત્યતા અનુસાર તેના અક્ષરો જુદા જુદા કદના રાખી શકો છો.



## તારવવામાં આવેલા સંકલ્પો (પ્રથમ સ્તર)




વિદ્યાર્થીઓને પોતાની જે બાબતો સુધારવાની હોય તે અંગેનું નીચેનું કાર્યપત્રક ભરવા કહો

**સ્વસુધારનું આયોજન**

| સ્વચ્છાગ્રહીના સદ્ગુણો સાથે શોભે નહીં એવું વર્તન | વર્તનનાં કારણો કયાં છે? | તમને તમારું કયું વર્તન બદલવા જેવું લાગે છે? | તમારા વર્તનમાં આવેલા પરિવર્તનને કોણ માન્યતા આપશે? | તમે તમારું વર્તન બદલવાનો નિશ્ચય કર્યો હોય તે તારીખ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |



## સમજાવવું – ચાલો આપણા મિત્રોને પ્રભાવિત કરીએ!

**પ્રવૃત્તિ ૬**

***ઉદ્દેશ :*** *વિદ્યાર્થીઓને સમજાવટના કૌશલ્યનું મહત્ત્વ સમજવામાં મદદ કરવી.*
***શિક્ષણ પદ્ધતિ :*** *જૂથકાર્ય અને ચર્ચા*
***કૌશલ્યનો વિકાસ :*** *પ્રત્યાયન કૌશલ્ય*
***શૈક્ષણિક સાધનો :*** *ચાર્ટ પેપર, લેખન સામગ્રી, નોટિસ બોર્ડ*
***જૂથનું કદ :*** *સ્વચ્છાગ્રહ દળના ૧૫ સભ્યો*
***સમયગાળો :*** *સર્વે માટે એક સપ્તાહ, પ્રવૃત્તિ માટે ૩૦ મિનિટ્સ*

**પ્રસ્તાવના :**
પરિવર્તન લાવવા માટે સ્વચ્છાગ્રહીમાં સમજાવટનું કૌશલ્ય હોવું બહુ જ જરૂરી છે. અન્ય કૌશલ્યોની જેમ જ સમજાવટનું કૌશલ્ય પણ કરતાં કરતાં જ શીખી શકાય છે.

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં :**
સ્વચ્છાગ્રહી પોતાના સહપાઠીઓમાંથી નીચે જણાવ્યા પ્રમાણેની વર્તણૂકવાળાઓને શોધશે અને તેમની સાથે સંવાદ કરશે :

૧. જે વિદ્યાર્થી કે વિદ્યાર્થિની ભોજન પહેલાં હાથ ન ધોતાં હોય. તેઓ માનતા હોય કે તેમના હાથ ચોખ્ખા જ હોય છે, તેમાં જીવાણુઓ હોતા નથી.
૨. જે વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પેશાબ કરીને પાણી રેડતા ન હોય, કારણ કે તેમને એવું લાગતું હોય કે ઘણા વિદ્યાર્થીઓ આનો ઉપયોગ કરે છે અને તેને કારણે ફ્લશની ચકલી કે કોક ગંદા હોય છે એટલે તેઓ તેને અડવાનું ટાળે છે.
૩. જેઓ વાહનમાંથી રસ્તા પર કચરો ફેંકતાં હોય. વળી, તેઓ એવું માનતા હોય કે રસ્તા પરનો કચરો ઉઠાવવો એ તો સરકારની જવાબદારી છે.
૪. જેઓ જાહેર દીવાલો કે રસ્તાઓ પર થૂંકતાં હોય. બધા એવું જ કરતાં હોય છે, એટલે તેમના જેવી એકાદ વ્યક્તિ આવું નહીં કરે તોપણ કોઈ ફરક પડવાનો નથી.

**નિષ્કર્ષ અને ચર્ચા :**
સ્વચ્છાગ્રહી કઈ રીતે સામેવાળાને વધુ સારી રીતે સમજાવી શકે છે, એનું નિરીક્ષણ કરવું અને તેમને સમજાવટમાં ઉપયોગી થાય એવા શબ્દો-શબ્દપ્રયોગોની વાત કરો, જેવાકે, કારણ કે (કારણો અને અસરો), મહેરબાની કરીને હવે પછી, ધારી લો કે, મહેરબાની કરો અને આપનો આભાર, સામેવાળી વ્યક્તિને તેના નામ સાથે સંબોધવી અને 'આપણે' શબ્દનો ખાસ ઉપયોગ કરવો, જેનો અર્થ થાય, 'આપણે આ કરી શકીએ છીએ.'

**પરિણામ :**
સ્વચ્છાગ્રહીમાં સમજાવટનું કૌશલ્ય ખીલે છે અને તેનામાં સામેવાળી વ્યક્તિને પોતાના વર્તનમાં હકારાત્મક પરિવર્તન લાવવા માટે મનાવી શકાય છે, એ વાતનો આત્મવિશ્વાસ વધે છે.

એક સહાયક તરીકે સમજાવટના કેટલાક સિદ્ધાંતો યાદ રાખશો તો મદદરૂપ થશે. (Influence : Science and Practice, પાંચમી આવૃત્તિ)

**પરસ્પર લેણદેણ:** પરસ્પર લેણદેણમાં એવું બનતું હોય છે કે એક વ્યક્તિ જ્યારે તેમના માટે કંઈક કરે કે કોઈ ગિફ્ટ આપે ત્યારે સામેવાળી વ્યક્તિ ઉપકૃત અને આભારી બનતી હોય છે.

શીખવાની વાત એ છે કે તમારે પહેલાં જવું પડે, આગળ વધવું પડે. કંઈક આપો, કોઈ માહિતી આપો, અમુક નમૂનારૂપ વસ્તુઓ આપો, લોકોને હકારાત્મક અનુભવો જણાવો અને તેઓ બદલામાં કંઈક આપવા ઇચ્છશે.

**સામાજિક સ્વીકૃતિ:** લોકો જ્યારે કશુંક કરવા બાબતે અનિશ્ચિત હોય ત્યારે તેઓ પોતાની આજુબાજુના લોકો પાસેથી પોતાનાં નિર્ણયો અને કાર્યો માટે માર્ગદર્શનની અપેક્ષા રાખતા હોય છે. તેઓ પોતાની આસપાસના લોકો, ખાસ કરીને નજીકના અંગત લોકો શું કરે છે તે જાણીને તેમને અનુસરવા માગતા હોય છે. કૉમેડી શૉમાં બેકગ્રાઉન્ડમાં જે ખડખડાટ હસવાના ટ્રેક રાખવામાં આવતા હોય છે, તેનું પણ આ જ કારણ છે.




**પ્રતિબદ્ધતા અને સાતત્ય :** લોકોએ એક વખત જે અંગે નિશ્ચય કર્યો હોય તેનાથી પાછા પડવાનું પસંદ કરતા નથી. આપણે મૌખિક કે લેખિત રીતે જે બાબતે સંમત થયા હોઈએ, તેને વળગી રહેવા પ્રતિબદ્ધ હોઈએ છીએ.

લોકો પાસે જાહેરમાં એવી બાબતોનો નિર્ધાર કરાવવો જોઈએ, જેને વ્યવહારમાં ઉતારી શકાય એમ હોય. દાખલા તરીકે તેમને પૂછો કે 'કચરાને ફેંકવા માટે તમે મહેરબાની કરીને કચરાપેટીનો ઉપયોગ કરશો?' તમામ લોકો કહેશે, 'હા'!



**પસંદગી :** લોકો એવા માણસોને 'હા' પાડવાનું પસંદ કરશે, જેમને તેઓ ઓળખતા હોય અને જે તેમની પ્રશંસા-કદર કરતા હોય.

**સત્તા :** લોકો સત્તાને માન આપે છે. લોકો ખરેખર જે નિષ્ણાત હોય તેમને અનુસરવા ઇચ્છે છે. બિઝનેસમાં હોદ્દો, પ્રભાવક વસ્ત્રો, જાજરમાન કાર વગેરે પરિબળો પણ વ્યક્તિની વિશ્વસનીયતાને અસર કરતાં હોય છે. સત્તાધારીનો દેખાવ પણ તેની વિનંતીની સ્વીકાર્યતા પર મોટી અસર કરતો હોય છે, પછી કદાચ તેની પાસે એવી કોઈ સત્તા ન હોય તોપણ તેનો પ્રભાવ પડે છે.

**અછત :** અર્થશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતોમાં અછત એ પુરવઠા અને માગ પર આધારિત હોય છે. સામાન્ય રીતે જે વસ્તુની ઉપલબ્ધતા ઓછી હોય તેનું મૂલ્ય વધારે હોય છે. જે વસ્તુ દુર્લભ અને અસામાન્ય હોય તેને લોકો વધારે પસંદ કરતા હોય છે.

'લોકો સંભવિત નફા કરતાં સંભવિત નુકસાન બાબતે વધારે સંવેદનશીલ હોય છે. - આ તારણ સમાજ વિજ્ઞાનમાં સહાયક બની શકે છે.'

આમ, સ્વચ્છાગ્રહ ઝુંબેશના સંદેશા તૈયાર કરવા માટે આ બાબત ધ્યાનમાં રાખવી. વર્તણૂકના ફાયદાઓથી લઈને આવી તક ચૂકશો નહીં, જેવી અપીલ અસરકારક બની શકે છે.

- 'સ્વચ્છ ભારતમાં યોગદાન આપવાની આ તક ન ચૂકશો'
- 'જોજો, તમે આ ચૂકી ન જતાં....'

## કાર્ય યોજનાઓનું આયોજન

સ્વચ્છાગ્રહ દળ વ્યવહાર પરિવર્તનના શિક્ષણને અમલમાં મૂકવા કે પછી તેનો વ્યાપ વધારવા માટે એક કાર્ય યોજના હાથ ધરશે. આને કારણે શિક્ષણનો વ્યાપ માહિતીથી અનુભવ સુધી વિસ્તરશે અને વર્ગખંડની સરહદ વટાવીને શાળાના પરિસરમાં પણ વિસ્તરશે. વિદ્યાર્થીઓની વર્તન-વ્યવહારને, આદતોને અને નિશ્ચયોને સમૃદ્ધ બનાવશે અને હકારાત્મક અસર ઊભી કરશે.

સ્વચ્છાગ્રહ પ્રેરક માટે કાર્ય યોજનાઓથી માત્ર ભણાવવાનું જ નહિ, પરંતુ શીખવાનું અને મૂલ્યાકન કરવાનું વધારે સાર્થક, સાંપ્રત અને સર્વગ્રાહી બનશે. કાર્ય યોજના એટલે માત્ર નમૂના (મૉડલ) અને ચાર્ટ તૈયાર કરવા એટલું જ નથી, તેમાં અમુક નિશ્ચિત સમયમાં વિશેષ ઉદ્દેશને હાંસલ કરવા માટે આયોજનપૂર્વક શ્રેણીબદ્ધ રીતે પ્રવૃત્તિઓ ચલાવવાની હોય છે. આ પ્રવૃત્તિઓ અભ્યાસક્રમનો જ હિસ્સો હોય એવું બિલકુલ જરૂરી નથી, પરંતુ તે એક મુદ્દાને સંબંધિત જુદા જુદા વિષયો અને જુદાં જુદાં પાસાંઓ વચ્ચેનાં જોડાણો સમજવામાં ઉપયોગી બની શકે છે.



**કાર્ય યોજનાઓથી કયા કયા ફાયદા થાય છે?**

વિદ્યાર્થીઓને આસપાસના માહોલમાં, તેના તરફથી અને તેના થકી શીખવાની પ્રત્યક્ષ તક પ્રાપ્ત થાય છે. અભ્યાસ મસ્તીભર્યો, વ્યાવહારિક અને સહભાગિતાપૂર્ણ બને છે.

વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકોની વાતોને બદલે વાસ્તવકિત સ્થિતિઓ અને લોકોથી રૂબરૂ થાય છે અને પ્રસ્તુત શૈક્ષણિક અનુભવ મેળવે છે. તેઓ વાસ્તવિક પરિસ્થિતિઓમાં સ્થળ, પરિવર્તન અને સંબંધો અંગેની સમજ કેળવી શકે છે.

વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અને જુદી જુદી વિદ્યાઓ વચ્ચેના સહસંબંધ તથા મુદ્દાઓના જુદા જુદા પરિમાણો સમજવાની તક મળે છે.

વિદ્યાર્થીઓમાં સાંભળવું, વાતચીત કરવી, ચર્ચા કરવી, વિશ્લેષણ કરવું, સંદેશાનું આદાનપ્રદાન કરવું અને સમસ્યાનો ઉકેલ શોધવો જેવાં કૌશલ્યો વિકસિત થાય છે, જે વર્ગખંડમાંના શિક્ષણમાંથી ન શીખી શકે. સૌથી અગત્યનું તો એ શીખે છે કે આયોજન તૈયાર કરવું અને પછી તે મુજબ યોગ્ય પગલાં લેવાં.

કાર્ય યોજનામાં સામેલ થવાથી કેટલાંક જીવન કૌશલ્યો, જેવાંકે, સર્જનાત્મક અને સમીક્ષાત્મક વિચારવું, સમસ્યા ઉકેલ, નિર્ણય લેવો, જૂથ કાર્ય, વાટાઘાટો અને વાંધાઓનો ઉકેલ, વગેરેના વિકાસને પ્રોત્સાહન મળે છે.

જુદા જુદા પ્રકારની ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ પણ આમાં યોગદાન આપી શકે છે.

વિદ્યાર્થીઓમાં નેતૃત્વ કૌશલ્ય અને જૂથકાર્ય કરવાની સમજનો વિકાસ થાય છે.

વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને જવાબદારીની ભાવના પણ વધે છે. વિદ્યાર્થીઓને આયોજનપૂર્વકના અને વ્યવસ્થિત રીતે સંચાલિત કાર્ય કરવાનું મહત્ત્વ સમજાય છે.

વિદ્યાર્થીઓ અન્ય માટે રોલ મૉડલ બની શકે છે. તેઓ પોતે અનુભવના આધારે એવું ઉદાહરણ પ્રસ્તુત કરી શકે છે કે ખરેખર કેટલું અને કેવી રીતે થઈ શકે છે. તેમનો ઉત્સાહ અને અનુભવ અન્યોને આવાં સાહસો કરવા માટે પ્રેરણા રૂપ બની શકે છે.



વિદ્યાર્થીઓ ધારે એ પરિણામ કે સિદ્ધિ હાંસલ કરી શકે છે, જે શીખનારાને અભિપ્રેરિત અને સશક્ત બનાવી શકે છે. જોઈ શકાય એવાં પરિણામો મળી શકતા હોય એવી પ્રક્રિયાનો હિસ્સો બનવાની તક મળે છે. આને કારણે તેમનામાં નિયંત્રણની સેન્સ વિકસિત થઈ શકે છે. વિદ્યાર્થીઓમાં ઘર કરી ગયેલી ભાવના - 'હું જાણું છું પરંતુ કોઈ મદદ નહીં કરી શકું'માંથી 'હું જાણું છું, હું સમજું છું અને હું કંઈક કરી શકું છું'વાળી ભાવના બદલાઈ શકે છે.

વિદ્યાર્થીઓમાં એવાં કૌશલ્યોનો વિકાસ થાય છે, જેને કારણે તેઓ સ્વચ્છાગ્રહને શાળા-સંકુલની હદની બહાર સમુદાય અને સમાજ સુધી લઈ જાય છે અને તેનું અમલીકરણ કરાવી શકે છે.

**કાર્ય યોજનાનું કઈ રીતે આયોજન કરવું?**

**આયોજન :**

પ્રોજેક્ટને સફળતાપૂર્વક ચલાવવા અને તેના ઉદ્દેશોને હાંસલ કરવા માટે તેનું આયોજન વ્યવસ્થિત રીતે કરવું જરૂરી છે. સમસ્યાની ઓળખથી શરૂ કરીને ઉદ્દેશો સ્પષ્ટ કરવા, અપેક્ષિત પરિણામો મેળવવા માટેની પ્રવૃત્તિઓ નક્કી કરવી સહિતનાં શ્રેણીબદ્ધ પગલાંનો આયોજનમાં સમાવેશ થાય છે. આયોજન તૈયાર કરવાની પ્રવૃત્તિ પણ સ્વચ્છાગ્રહીને અમૂલ્ય શૈક્ષણિક અનુભવ કરાવી શકે છે. કાર્યક્રમના પ્રારંભથી લઈને પ્રોજેક્ટ દરમિયાન લેવાના હોય એવા મહત્ત્વપૂર્ણ નિર્ણયો સહિત સમગ્ર પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને સામેલ કરવા. આને કારણે તેમનામાં પોતીકાપણાનો ભાવ આવશે અને પ્રારંભથી જ તેઓ સક્રિય બનશે.

વિદ્યાર્થીઓ એક વાર કોઈ વિશેષ કાર્ય આયોજન હાથ ધરવાનું નક્કી કરી લે પછી તેમના માટે નીચે જણાવેલાં પાસાંઓને ધ્યાને લેવા જરૂરી છે:

**ઉદ્દેશો :**

આ પ્રશ્નો સાથે શરૂઆત કરવી શ્રેષ્ઠ ગણાય છે: 'સમસ્યા શું છે?', 'આ યોજના હાથ ધરીને આપણે શું હાંસલ કરવા માગીએ છીએ?', 'સમસ્યા શા માટે છે?'. આ પ્રશ્નો પર વિચાર કરતાં આપણી યોજનાના ઉદ્દેશો આપોઆપ સ્પષ્ટ થઈ જાય છે. ઉદ્દેશો જ્યારે સ્પષ્ટ હોય ત્યારે તે આવશ્યક પ્રવૃત્તિઓનો અંદાજ મેળવવામાં મદદ મળે છે. આ ઉપરાંત સમય, સ્થળ અને જરૂરી સંસાધનોનું આયોજન કરવામાં પણ મદદ મળે છે. ઉદ્દેશો અનુસાર જ ભૂમિકાઓ અને જવાબદારીઓની સોંપણી થઈ શકે છે.

**સમય :**

બીજો પ્રશ્ન એ હોવો જોઈએ કે, 'આ યોજના માટે આપણી પાસે કેટલો સમય છે?' દાખલા તરીકે, પ્રોજેક્ટને જો વર્ષાંતે માર્ચ મહિનામાં સંપન્ન કરવાનો હોય તો સ્વચ્છાગ્રહી શૈક્ષણિક વર્ષના પ્રારંભથી એટલે કે જૂન-જુલાઈથી વિવિધ પ્રવૃત્તિઓનું સમયપત્રક તૈયાર કરી શકે છે. વળી, વિદ્યાર્થીઓ પાસે જો ૨૦ સપ્તાહનો સમય હોય (આશરે સપ્તાહના ૧થી ૨ કલાકો, જેમાં ઉદ્દેશ હાંસલ કરવાનો હોય) તો ઉદાહરણ તરીકે સમજી લઈએ કે તેઓ પહેલાં સપ્તાહથી ૨૦ સપ્તાહ સુધીની પ્રવૃત્તિઓનું આયોજન કરી શકે છે.



**પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓ :**
કાર્ય આયોજન એટલે વિશેષ ઉદ્દેશો હાંસલ કરવા માટેની પ્રક્રિયાના દરેક પગલાં માટે જુદી જુદી વ્યૂહરચનાઓ, અભિગમો અને પદ્ધતિઓનું સંયોજન. સાનુકૂળ પ્રવૃત્તિઓને અલગ તારવવાની, તેનું વ્યવસ્થિત આયોજન કરવાની અને પછી તેનો ક્રમ પણ નક્કી કરવાની જરૂર હોય છે. આયોજિત પરિણામો હાંસલ કરવા માટે તેમાં જરૂરી સુધારા-વધારા પણ કરવા જોઈએ. દાખલા તરીકે, વિદ્યાર્થીઓ જો રમતના મેદાનને કચરામુક્ત બનાવવા માગતા હોય તો તેને લગતી પ્રવૃત્તિઓમાં કચરા સંબંધિત સર્વે, જાગૃતિ ઊભી કરવી, વ્યવસ્થા ઊભી કરવી અને કચરાના વ્યવસ્થાપન માટે જરૂરી વસ્તુઓ વસાવવી તથા એ વસ્તુઓ (કચરાપેટી, કમ્પોસ્ટ ખાડો વગેરે) યોગ્ય જગ્યાએ મૂકવામાં આવે એ પણ સુનિશ્ચિત કરવું, વગેરેનો સમાવેશ થઈ શકે.

**સંસાધનો :**
વિદ્યાર્થીઓ યોજનાને આગળ વધારવા માટે જરૂરી સંસાધનોની (નાણાં અને તજજ્ઞતા) યાદી તૈયાર કરવી અને તેના સંભવિત સ્રોતની પણ યાદી બનાવવી. દાખલા તરીકે, વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવું હોય તો પહેલાં તો એ નક્કી કરવું પડે કે રોપ ક્યાંથી લાવીશું, જેમકે, વન વિભાગ, ખાનગી નર્સરી વગેરે. યોજનાના અમલીકરણ માટે નાણાં જરૂરી હોય તો તેના સ્રોતની યાદી બનાવવી, જેમકે, સ્વચ્છાગ્રહ સંકુલ કે સ્વચ્છાગ્રહી પાસેથી ફાળો ઉઘરાવવો, કોર્પોરેટ હાઉસ પાસેથી ભંડોળ મેળવવું વગેરે.

સ્વચ્છાગ્રહ સંકુલને સામેલ કરવું : યોજનાની પ્રવૃત્તિઓ અંગે સમગ્ર સ્વચ્છાગ્રહ સંકુલને જાણકારી હોવી જોઈએ તથા તેની વિગતો સૌ જાણતા હોવા જોઈએ. સ્વચ્છાગ્રહીઓએ શાળાના અન્ય વિદ્યાર્થીઓ સુધી આ પ્રવૃત્તિઓની વિગતો કઈ રીતે પહોંચાડી શકાય અને તેમને આમાં કઈ રીતે સામેલ કરી શકાય, એ અંગે વિચારવું જ જોઈએ.

પ્રાર્થનાસભામાં આ અંગેની જાહેરાત કરીને, યોજના માટે અલાયદું નોટિસ બોર્ડ ઊભું કરીને (સ્વચ્છાગ્રહ વૉલનો પણ ઉપયોગ કરી શકાય), સમયાંતરે તેમાં નવી નવી વિગતો મૂકતા રહીને, સમુદાય સાથે બેઠક યોજીને વગેરે દ્વારા તમે પ્રચાર-પ્રસાર કરી શકો છો.

આમ, યોજના અંગે વ્યાપક સ્તરે જાણકારીનો પ્રચાર-પ્રસાર જરૂરી છે, કારણ કે યોજનાના અમુક તબક્કે સ્વચ્છાગ્રહ સંકુલના અન્ય લોકો કે સમુદાયને પણ તેમાં સામેલ કરવો જરૂરી બનતો હોય છે. આને કારણે યોજનાને સહાયક બને એવું વાતાવરણ સર્જાતું હોય છે.

**યોજનાનું અમલીકરણ :**
યોજના એક વખત શરૂ થઈ જાય પછી સ્વચ્છાગ્રહીઓએ તૈયાર કરેલું કાર્ય આયોજન તેમને જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં મદદરૂપ બને છે અને આયોજનમાં ઠરાવેલા સમય અનુસાર જ કામગીરી ચાલી રહી છે કે નહીં તેનો પણ અંદાજ આવે છે. નિર્ધારિત ઉદ્દેશોની દિશામાં કેટલી પ્રગતિ થઈ શકી છે, તેનો ખ્યાલ મેળવી શકાય છે.

સમયાંતરે કામગીરીની સમીક્ષા કરવા માટે વિદ્યાર્થીઓના નાના જૂથની બેઠક યોજાવી જોઈએ અને કામગીરીની પ્રગતિની ચર્ચા થઈ જોઈએ, જેથી યોજના મુજબ પગલાંઓ ભરાઈ રહ્યાં છે, તેની ખાતરી થઈ શકે. દરેક તબક્કે સ્થિતિ અનુસાર જો કોઈ ફેરફાર જરૂરી હોય તો તે પણ કરી શકાય છે.

**દસ્તાવેજીકરણ અને પ્રગતિની નોંધ :**
વિદ્યાર્થીઓએ યોજનામાં કેવી પ્રગતિ થઈ રહી છે તેની વ્યક્તિગત અને જૂથના સ્તરે નોંધ રાખવી જોઈએ, જેમાં સાપ્તાહિક પ્રવૃત્તિઓ, કોઈ નિષ્ફળતા, અણધાર્યું પરિણામ કે અનુભવ થયા હોય તો તેનો પણ



સામવેશ કરવો. વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિક્રિયાઓ અને પ્રવૃત્તિઓ અંગેનાં મંતવ્યો પણ નોંધી રાખવા જોઈએ, જેમકે, કોઈ મુદ્દે જૂથમાં સહમતી ન હોય, કોઈ પ્રવૃત્તિમાં સમગ્ર જૂથનો સહયોગ ન મળ્યો હોય, વગેરે.

વૃક્ષારોપણ જેવા પ્રોજેક્ટમાં વાવેલા રોપનો ઉછેર-વિકાસ કેવો થઈ રહ્યો છે, તેને લગતાં નિરીક્ષણોની નોંધ પણ રાખવી જોઈએ. દાખલા, તરીકે બીજ વાવ્યા પછી કેટલા દિવસે અંકુર ફૂટ્યા, એક મહિનામાં વાવેલા રોપની ઊંચાઈ કેટલી વધી, વગેરે.

**નોંધ રાખવા માટે તસવીરી દસ્તાવેજીકરણ અગત્યની રીત છે.**

યોજના દ્વારા શું શું હાંસલ કરી શકાયું, તે દર્શાવવાની સાથે સાથે યોજનાની પ્રગતિની નોંધ જાળવવી પણ મહત્ત્વપૂર્ણ છે. યોજના સાથે સંકળાયેલા જૂથ માટે જ નહિ, પરંતુ આવી જ યોજના પર કામ કરવા ઇચ્છતા અન્ય જૂથના વિદ્યાર્થીઓ માટે પણ તે માર્ગદર્શક બની શકે છે. દસ્તાવેજીકરણ તો પ્રોજેક્ટને સિદ્ધિની નવી નવી ઊંચાઈએ પહોંચાડવામાં પણ મદદરૂપ બની શકે છે.

**યોજનાનું મૂલ્યાંકન :**
યોજના જ્યારે પૂર્ણતાના આરે હોય ત્યારે યોજનાની સમીક્ષા કરવી સ્વચ્છાગ્રહીઓ માટે બહુ જ મહત્ત્વપૂર્ણ છે. યોજનામાં નિર્ધારિત ઉદ્દેશોને સફળતાપૂર્વક કે અન્ય રીતે કેટલાં હાંસલ કરી શકાયા છે, તે અંગે પણ તેઓ ચર્ચા કરી શકે છે. તેઓ એક સર્વે યોજીને નિર્ધારિત કરી શકે કે સ્વચ્છાગ્રહ સંકુલ અને સમુદાયને આ યોજના કેવી લાગી અને તેઓ તેનું કેવું મૂલ્યાંકન કરે છે.

યોજનાનાં કયાં પાસાંઓમાં ખૂબ સારું કામ થઈ શક્યું અને કયાંમાં નહીં, તેનું વિશ્લેષણ કરવું સાથે સાથે તેની પાછળનાં કારણો શોધી કાઢો. આ પ્રવૃત્તિ તમને બહુ ઉપયોગી નીવડશે.

સ્વચ્છાગ્રહીનાં અન્ય જૂથો દ્વારા જો આ પ્રકારની જ યોજના પર કામ કરવા માગતા હોય તો તેમણે એમાં કેવા ફેરફારો કે સુધારા-વધારા સૂચવશો, એ પણ વિચારવાની જરૂર છે.

તેમણે એ પણ વિચારવું જોઈએ કે તેમણે શરૂ કરેલી યોજનાને લાંબા સમય સુધી કઈ રીતે ટકાવી શકાય. દાખલા તરીકે તેમણે જે વૃક્ષો વાવ્યાં છે, તેનો સારી રીતે ઉછેર થાય એ સુનિશ્ચિત કરવું જોઈએ, કે પછી તેમણે હાંસલ કરેલ 'સ્વચ્છ સ્વચ્છાગ્રહ સંકુલ'ની જાળવણી કઈ રીતે કરી શકાય.

**કાર્ય યોજના માટેનાં પગલાં**

**સંશોધન કરવું (Explore)**

**આદાનપ્રદાન (Share)**

**શોધી કાઢવું (Discover)**

**વિચાર કરવો (Think)**

**કાર્ય કરવું (Act)**

## કચરાનું વ્યવસ્થાપન! — થીમ

### સંશોધન કરવું

**પ્રવૃત્તિ ૧ : કચરા-જાસૂસ બનો**

**પ્રસ્તાવના**

કચરાનો સીધો-સાદો અર્થ થાય બિનજરૂરી વસ્તુઓ-પદાર્થો. કોઈ પણ વસ્તુને જ્યારે કચરો માની લેવામાં આવે છે તે જ ક્ષણથી તે બિનજરૂરી વસ્તુ બની જાય છે. કચરો એટલે એવી વસ્તુ, જેના પ્રથમ વપરાશકર્તાને તેનો કોઈ ઉપયોગ રહ્યો હોતો નથી. આ વસ્તુ તેના માટે ઉત્પાદન, રૂપાંતરણ કે વપરાશ માટે લાયક રહી હોતી નથી અને એટલે તે તેનો નિકાલ કરવા માગે છે. કચરો કાચામાલની પસંદગી-વહેંચણી, ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન તથા ઉત્પાદન તૈયાર થયા પછી પણ પેદા થતો રહે છે, એટલું જ નહીં ઉત્પાદનના વપરાશ તેમજ માનવીય પ્રવૃત્તિઓને કારણે કચરો પેદા થતો રહેતો હોય છે.

તમારા સંકુલમાં કચરો કે નકામી ચીજવસ્તુઓ ક્યાંથી આવે છે? મોટા ભાગનો કચરો વર્ગખંડમાંથી આવતો હોય છે અને તેમાં મોટા ભાગે કાગળ અને ધૂળ હોય છે. શું સ્વચ્છાગ્રહી એક દિવસ દરમિયાન શાળામાં કેટલો કચરો પેદા થતો હોય છે, તેનો અંદાજ બાંધી શકે? આનો એક રસ્તો એ છે કે શાળાનો નક્શો તૈયાર કરવામાં આવે. આવું કરવાથી શાળામાં પેદા થઈ રહેલા કચરાના જથ્થા અને તેના પ્રકારનો ખ્યાલ આવશે.

***ઉદ્દેશ :*** *શાળામાં પેદા થતા કચરા અંગેનો નક્શો તૈયાર કરવો*
***શિક્ષણ પદ્ધતિ :*** *નક્શાની રચના*
***કૌશલ્યનો વિકાસ :*** *નિરીક્ષણ કરવું, મુદ્દાઓ-સમસ્યાઓને ઓળખવી*
***શૈક્ષણિક સહાયક સાધનો :*** *કાગળ, પેન્સિલ, માપપટ્ટી*
***જૂથનું કદ :*** *૩-૪ સ્વચ્છાગ્રહી*
***સમયગાળો :*** *પ્રવૃત્તિ માટે ૩૦ મિનિટ્સ*

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં**

શાળાના સંકુલનો નક્શો તૈયાર કરવો, જેમાં શાળાની ઈમારતો અને રમતનું મેદાન, રસ્તો વગેરે બાબતોને પણ દર્શાવવી. શાળા સંકુલનાં સ્રોત, સંગ્રહ અને નિકાલની સુવિધા આપનારાં સ્થાનને વિશેષ નિશાનીઓ દ્વારા દર્શાવવાં. આના પરથી શાળાના સંકુલમાં આવેલા કચરાનાં જુદાં જુદાં સ્થાનોને ઓળખવામાં મદદ મળશે.

અહીં સહાયક કર્મીઓનો કયો વિભાગ જવાબદારી સંભાળે છે, તે પણ જાણવું.

ક) વર્ગખંડમાં કચરો છે
ખ) કચરાપેટીઓ કચરાથી છલકાઈ ગયેલી છે.
ગ) મ્યુનિસિપાલિટીનું વાહન કચરો લેવા આવ્યું ન હોય તો....
ઘ) સફાઈ કર્મચારીઓ જો ગેરહાજર હોય તો.....

અહીં નીચે આપેલું કોષ્ટક એ નક્શામાં કચરાનાં જુદાં જુદાં સ્રોત, સંગ્રહ અને નિકાલનાં સ્થાનોને દર્શાવવામાં મદદરૂપ બની શકે એવો નમૂનો છે.





| સ્રોત | સંગ્રહ | નિકાલ | જવાબદાર વ્યક્તિ |
|---|---|---|---|
| કાગળનો કચરો | વહીવટી કચેરી | રિસાઇકલ | |
| વધેલું ભોજન | લીલી કચરાપેટી | કમ્પોસ્ટિંગ | |
| ઈ-વેસ્ટ | કમ્પ્યૂટર લેબ | અધિકૃત રિસાઇકલર | |

**નિષ્કર્ષ અને ચર્ચા :**

શું કચરાપેટીઓ પૂરતાં પ્રમાણમાં છે? કચરાપેટી જોઈ શકાય એવી જગ્યાએ તથા યોગ્ય સૂચના સાથેની છે? કચરાના વર્ગીકરણ માટે જુદી જુદી કચરાપેટીઓ રાખવામાં આવી છે? જુદા જુદા કચરાનો થવો જોઈએ એ રીતે નિકાલ થાય છે?

મૂલ્યાંકન :

વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિમાંથી જે તારણો કાઢ્યાં હોય તેને રજૂ કરવા દો. કચરામાં મુખ્યપણે શું હોય છે? શું કચરાનો જથ્થો એક સરખો જ હોય છે? જો તેમાં મોટા પાયે ફેરફારો જોવા મળતા હોય તો તેવું શા માટે હોય છે, તેની ચર્ચા કરવી.

**દેખીતાં પરિણામો :**

કચરો ક્યાંથી અને કેટલો પેદા થતો હોય છે, એ દર્શાવતા નક્શાને સ્વચ્છાગ્રહ વૉલ પર મૂકી શકાય. નક્શાના આધારે સ્વચ્છાગ્રહીઓ પોતાના સહપાઠીઓ સાથે શાળામાં કચરો ક્યાં ક્યાંથી પેદા થાય છે, તે અંગે ચર્ચા ઊભી કરી શકે છે. ચર્ચાનાં પરિણામોને સોશિયલ મીડિયા પર મૂકી શકાય છે.

### શોધી કાઢવું

**પ્રવૃત્તિ ૨ : સ્વચ્છાગ્રહ સંકુલમાં કચરાનું ઑડિટ**

**પ્રસ્તાવના :**

શાળામાં પેદા થતા કચરાની સ્થિતિને સમજવા માટે આ મુદ્દે જરા ઊંડું ઊતરવું જરૂરી બને છે. એક પ્રશ્ન વિચારો કે શાળાના સંકુલમાં રોજનો કેટલો કચરો પેદા થતો હશે? અથવા તો કેટલા જુદા જુદા પ્રકારનો કચરો પેદા થતો હશે? શાળામાં પેદા થતા કચરાના જથ્થાના આ પ્રકારના માપનથી આપણને સમજાય છે કે શાળાના સંકુલમાં કેટલા પ્રકારના કચરા પેદા થાય છે અને કેટલા પ્રમાણમાં પેદા થાય છે.

***ઉદ્દેશ :*** *શાળામાં પેદા થતા કચરાનું પ્રમાણ શોધી કાઢવું*
***શિક્ષણ પદ્ધતિ :*** *જથ્થાનું માપન*
***કૌશલ્યનો વિકાસ :*** *સંશોધન, નિર્ણાયકતા*
***શૈક્ષણિક સાધનો :*** *કચરાના સર્વેપત્રકની નકલો*
***જૂથનું કદ :*** *સ્વચ્છાગ્રહ દળના ૩-૪ સભ્યો*
***સમયગાળો :*** *સર્વે માટે એક સપ્તાહ, પ્રવૃત્તિ માટે ૩૦ મિનિટ્સ*

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં**

સ્વચ્છાગ્રહ દળના સભ્યોએ શાળાના સફાઈ કર્મચારીઓ રોજનો કેટલો કચરો બહાર ફેંકી આવે છે તે બાબત જાણીને પછી તેને કચરા સર્વેપત્રકમાં નોંધી લેવાની રહેશે.

પત્રકમાં નોંધ કર્યા પહેલાં તેમણે દરેક વસ્તુના માપનો એકમ નક્કી કરી લેવો, જેમકે, કાચ કે ખોખાંઓની નંગ પ્રમાણે ગણતરી કરવી. કાગળને તેના ટુકડા કે શીટની સંખ્યાના આધારે કે વજનથી ગણતરીમાં લેવા. શાળામાં કેન્ટિન કે ભોજનશાળા હોય તો એંઠવાડના જથ્થાને વજન દ્વારા કે માપનના અન્ય સાધનો, જેવાંકે, કપ કે નાનું પાવલું વગેરેથી માપવો.

શાળામાં એક સપ્તાહ સુધી આ બધી બાબતોનું નિરીક્ષણ કરવું, તેની નોંધ કરતા રહેવી. અહીં આપેલા કોષ્ટકનો ઉપયોગ કરીને સમગ્ર સપ્તાહ દરમિયાન કચરાના જથ્થાની સંખ્યાનો સરવાળો કરતા જવું.

| વાર | કચરાના પ્રકારો | | | | | |
|---|---|---|---|---|---|---|
| | કાગળ | કાચ | એલ્યુમિનિયમ | પ્લાસ્ટિક | રસોડાનો કચરો | અન્ય |
| સોમવાર | | | | | | |
| મંગળવાર | | | | | | |
| બુધવાર | | | | | | |
| ગુરુવાર | | | | | | |
| શુક્રવાર | | | | | | |
| શનિવાર | | | | | | |
| રવિવાર | | | | | | |

સ્વચ્છાગ્રહ દળના સભ્યો શાળાની જેમ પોતાના ઘરે પણ રોજનો સરેરાશ કેટલો કચરો પેદા થાય છે, તે શોધી શકે છે.

**નોંધ :**

કચરાનું વર્ગીકરણ કરવામાં આવે ત્યારે કાળજી રાખવી જોઈએ. કચરાનું વર્ગીકરણ કરતી વખતે હાથમાં મોજા જરૂર પહેરવા અને કામ પૂરું થઈ ગયા પછી હાથને સાબુ વડે અચૂક ધોવા.

**નિષ્કર્ષ અને ચર્ચા :**

સ્વચ્છાગ્રહ દળના સભ્યોને પૂછવું કે આ પ્રકારના સર્વે હાથ ધરવાના કયા કયા ફાયદા મળે? તમને એક વખત કચરાના જથ્થા અને પ્રકારનો અંદાજ આવી જાય પછી કચરાના વ્યવસ્થાપનમાં કેવો ફરક પડી શકે?

**પરિણામ :**

સ્વચ્છાગ્રહ દળના સભ્યો તેમનાં સર્વેનાં તારણો રજૂ કરવા જોઈએ, જેમાં કચરામાં મોટા ભાગે શું હોય છે? શું કચરાનો જથ્થો હંમેશાં એકસરખો જ હોય છે? શું તેમાં કોઈ મોટા ફેરફારો જોવા મળે છે? શા માટે? (પરિવારના વધુ સભ્યો, પેકેજ્ડ ચીજવસ્તુઓનો વધારે ઉપયોગ વગેરે) આ અંગે ચર્ચા કરવી.





**આટલું સૌને જણાવવું :**

સ્વચ્છાગ્રહી આ પ્રવૃત્તિનાં તારણોની વાત પોતાના વર્ગખંડમાં કે શાળામાં અહીં જણાવ્યા પ્રમાણે રજૂ કરી શકે છે

- પોસ્ટર્સ કે ચાર્ટ્સ પર પ્રેઝન્ટેશન કરીને
- અઠવાડિયા દરમિયાન એકત્ર થયેલા સૂકા કચરામાંથી કોઈ કલાત્મક વસ્તુ તૈયાર કરીને

## શોધી કાઢવું

### પ્રવૃત્તિ ૩ : કચરાની યાત્રા

**પ્રસ્તાવના :**

શાળામાં પેદા થતા કચરાના નિકાલ માટે એક વ્યવસ્થા હોય છે. કચરાના વ્યવસ્થાપનના માળખામાં કચરાના એકત્રીકરણ, સંગ્રહ અને નિકાલના સ્થળ સુધીના વાહનવ્યવહારની વ્યવસ્થાને આવરી લેવામાં આવે છે. એવું પણ બની શકે કે શાળામાં ઘણી વખત તેના સંકુલમાં જ કચરાનો નિકાલ કરવામાં આવતો હોય, જેમકે, સેન્દ્રિય કચરાનું કમ્પોસ્ટિંગ.

***ઉદ્દેશ :*** *શાળામાં કચરા વ્યવસ્થાપનની વ્યવસ્થા સમજવી*
***શિક્ષણ પદ્ધતિ :*** *મુલાકાતો અને ક્ષેત્ર મુલાકાત (ફીલ્ડ વિઝિટ)*
***કૌશલ્યનો વિકાસ :*** *તાર્કિક સવાલો, સમીક્ષાત્મક વિચારણા*
***શૈક્ષણિક સાધનો :*** *નોંધપોથી, પેન્સિલ*
***જૂથનું કદ :*** *૩૦ સ્વચ્છાગ્રહીઓ*
***સમયગાળો :*** *પ્રવૃત્તિ માટે ૬૦ મિનિટ્સ*

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં**

શાળાના સંકુલમાં પેદા થતા કચરાની તરતપાસ કરતાં પહેલાં શાળાના સંચાલકોને પૂછીને જાણી લેવું કે શાળામાં કયા જુદા જુદા પ્રકારના કચરાનું વ્યવસ્થાપન કરવામાં આવે છે. શાળામાં જુદા જુદા પ્રકારના કચરાનું એકત્રીકરણ કઈ રીતે કરવામાં આવે છે, સંકુલમાં કચરો કોણ એકત્ર કરે છે અને એકઠા થયેલા કચરાનો સંકુલની બહાર નિકાલ કર્યા પછી તેનું શું થાય છે, એ શોધી કાઢવું.

**સત્તાધીશો સાથે નીચેના મુદ્દે ચર્ચા કરવી :**

શહેરમાં રોજનો કેટલો કચરો પેદા થાય છે?
વાહનવ્યવસ્થા અને મજૂરીનો વાર્ષિક ખર્ચ કેટલો આવે છે?
કચરાને ખાડામાં દાટી કે ખડક્યા પછી તેનું શું થાય છે?
કચરાનો ઉપયોગ કરવાનો કોઈ વૈકલ્પિક માર્ગ છે?
કચરાના ઢગલામાંથી તમને એવી કોઈ વસ્તુ જોવા મળે કે મળી છે કે જેને રિસાઇકલ્ડ કરી શકાય?

**નિષ્કર્ષ અને ચર્ચા :**

શાળાથી કચરાના ઢગલાના સ્થળ સુધીની કચરાની યાત્રાને સમજવા માટે એક ચર્ચાનું આયોજન કરો. કચરાની આ વ્યવસ્થાને વધારે કાર્યક્ષમ અને અસરકારક કઈ રીતે બનાવી શકાય, તેના રસ્તાઓ શોધવા.

**પરિણામ :**

સ્વચ્છાગ્રહીએ કચરા વ્યવસ્થાપનના માળખાને સમજીને કેટલાક પ્રશ્નો પૂછવા માટે સક્ષમ બનવાનું છે, જેવાકે, શાળા કે ઘરેથી કચરો એકત્ર કરવામાં ન આવે તો શું થાય? સમગ્ર વ્યવસ્થામાં કાગળ વીણનારા લોકોની શું ભૂમિકા હોય છે? શહેરો કચરો જ્યાં એકઠો થાય છે, એ સ્થળ આખું ભરાઈ જાય તો પછી શું કરવાનું? કચરો એકઠો કરવો તે શા માટે પડકારરૂપ છે?

**આટલું સૌને જણાવવું :**

સ્વચ્છાગ્રહીએ તૈયાર કરેલાં વૃતાંતો અને મુલાકાતોને સોશિયલ મીડિયા પર રજૂ કરવી.

## વિચાર કરવો

### પ્રવૃત્તિ ૪ : ખરીદતા પહેલાં કરો વિચાર

**પ્રસ્તાવના :**

આવક વધે તેમ વ્યક્તિ વધુ ચીજવસ્તુઓ ખરીદવા સક્ષમ બનતો હોય છે અને ખાસ કરીને રોજિંદી ચીજવસ્તુઓમાં પણ કીમતી વસ્તુઓ ખરીદવા લલચાતો હોય છે. આજકાલ તો ઓનલાઇન શોપિંગ થકી પણ જાતભાતની વસ્તુઓ ખરીદી શકાય છે. તહેવારોના દિવસોમાં સેલ અને અન્ય માર્કેટિંગ સ્ટ્રેટેજીઝ થકી ગ્રાહકોનો ખરીદવાનો ઉત્સાહ વધારાય છે અને લોકો જરૂરીની સાથે ઘણું બધું બિનજરૂરી પણ ખરીદી લેતા હોય છે. સામાજિક અને વ્યક્તિગત દબાણો પણ આપણને વધારે પડતી ખરીદી તરફ દોરી જતા હોય છે.

***ઉદ્દેશ :***

- *સ્વચ્છાગ્રહીમાં કોઈ પણ વસ્તુ ખરીદતા પહેલાં તેની ઉપયોગિતા અંગે વિચારવા પ્રોત્સાહન આપવું.*
- *ઘરમાં પડી રહેલી ચીજવસ્તુઓની ઉપયોગો શોધી કાઢવા માટે પ્રોત્સાહન આપવું*
- *વસ્તુને વહેંચીને વાપરવાના નવા ખયાલને સ્વચ્છાગ્રહી સમક્ષ રજૂ કરવો, વ્યક્તિથી વ્યક્તિના અર્થશાસ્ત્રને સમજાવવું.*

***શિક્ષણ પદ્ધતિ :*** *વર્ગખંડમાં ચર્ચા, ચર્ચા-વિચારણા*

***કૌશલ્યનો વિકાસ :*** *તાર્કિક પ્રશ્નો પૂછવા, સમીક્ષાત્મક વિચારણા*

***શૈક્ષણિક સાધનો :*** *નોંધપોથી, પેન્સિલ*

***જૂથનું કદ :*** *સ્વચ્છાગ્રહ દળના ૧૦-૧૫ સભ્યો*

***સમયગાળો :*** *પ્રવૃત્તિ માટે ૬૦ મિનિટ્સ*

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં**

દરેક જૂથને સ્વચ્છાગ્રહ દળના સભ્યોના ઘરમાં અત્યંત જરૂરી અને ઓછી જરૂરી (અકસ્માતે, આયોજન વગર ખરીદેલી, ઇચ્છા થતા કે આગ્રહને વશ થઈને ખરીદેલી વસ્તુઓ) ચીજવસ્તુઓની યાદી તૈયાર કરવા માટે જણાવો.



દરેક સ્વચ્છાગ્રહ દળના સભ્યને આ ખરીદીઓ ટાળી શકાય એવી હોય તો તેના અંગે ચર્ચા કરવા જણાવો. આ સાથે વસ્તુના વિકલ્પ અંગે પણ ચર્ચા કરો, જેમકે, વિદેશી આયાત કરેલા સફરજન ખરીદવાનું ટાળીને સ્થાનિક વિસ્તારનાં સફરજન કે અન્ય ફળો ખરીદી શકાયા હોત?

આ ચીજવસ્તુઓના વપરાશનું આયુષ્ય કઈ રીતે વધારી શકાય, એ અંગે ચર્ચા કરો. આ વસ્તુઓમાંથી કઈ કઈ વસ્તનો કેવી કેવી રીતે ઉપયોગ કરી શકાય, તેની યાદી તૈયાર કરવી.

શાળામાં અન્ય પ્રવૃત્તિઓ પણ યોજી શકાય : અલગ અલગ વર્ગખંડના વિદ્યાર્થીઓ વચ્ચે એવું ચર્ચા કરાવી શકાય કે ખરીદેલી વસ્તુઓને ઘરે સાચવી રાખવી જોઈએ કે પછી તેને ફરીથી ઉપયોગ માટે કે રિસાઇક્લિંગ કરવા આપી દેવી જોઈએ?

**નિષ્કર્ષ અને ચર્ચા :**

ઘરમાં છેલ્લાં ૨ વર્ષથી જે ચીજવસ્તુઓનો ઉપયોગ ન થયો હોય તેને અલગ તારવો. એક આયોજન તૈયાર કરો કે આ વસ્તુઓનું શું કરી શકાય? આ વસ્તુઓ પર શું થઈ શકે? સમારકામ, ફરી વપરાશ, દાન, વેચાણ કે રિસાઇકલ?

**પરિણામ :**

તમે જેટલી વખત નવી વસ્તુઓ ખરીદો છો તેની સાથે સાથે તેના ઉત્પાદન વખતે પર્યાવરણ પર થયેલી અસરનો મોટો બોજ લઈને આવો છો અને તમે જેમ જેમ એ વસ્તુને વાપરો તેમ તેમ પર્યાવરણ પરની તેની અસરો ચાલું રહે છે. તમને આ વાતનો અંદાજ હોય તો બની શકે કે તમે તમારા વપરાશને ઓછામાં ઓછો કરી નાખવાનું વિચારો, પર્યાવરણ પર ઓછી અસર કરતી વસ્તુઓને પ્રાધાન્ય આપો અને તમારે જ્યારે વસ્તુની ખરેખર જરૂર હોય ત્યારે જ તેની ખરીદી કરો. તમે જૂથમાં એટલે કે તમારા પાડોશીઓ અને મિત્રોને જરૂર હોય ત્યારે જ તમે વસ્તુ ખરીદી શકો અને તેનો સહિયારો ઉપયોગ કરી શકો છો.

**આટલું સૌને જણાવવું :**

રિસાઇકલ કરનાર સ્થાનિક વ્યક્તિના સહયોગથી તમે અપસાઇકલ/ગેરેજ સેલ/ચીજવસ્તુઓના એકત્રીકરણની ઝુંબેશ ચલાવી શકો.

સ્વચ્છાગ્રહ દળ વપરાશમાં ઘટાડો (રિયુઝ), ફેરવપરાશ (રિયુઝ), રિસાઇકલ અંગે સંદેશાઓનું સર્જન કરશે અને તે સંદેશાઓને પ્રેરક, શાળા કે માતા-પિતાની મદદથી વૉટ્સએપ જેવા માધ્યમોથી વ્યાપક સમુદાય સુધી પહોંચાડી શકો.



## કાર્ય કરવું

**પ્રવૃત્તિ ૫ : કરી બતાવો!**

**પ્રસ્તાવના :**

સ્વચ્છાગ્રહીએ સૌથી પહેલાં તો સમસ્યા ક્યાં છે, તે શોધી કાઢવું જોઈએ અને પછી કેવાં પગલાં લેવા જરૂરી છે, એ વિચારવું જોઈએ. કેવી અસર ઊભી કરવી છે અને કેવાં પરિણામો અપેક્ષિત છે, તેના આધારે પ્રવૃત્તિનાં પગલાં નક્કી થઈ શકે. તમારી પ્રવૃત્તિ શાળામાંથી જ શરૂ થઈ શકે, તમે શાળાના કચરા વ્યવસ્થાપન માળખામાં સૂચનો આપી શકે, જેમકે, કચરાપેટીઓની જગ્યા, કચરો ન ફેંકવા માટેની સૂચના-સંદેશ આપતા બોર્ડ કે પોસ્ટર બનાવવાં. જે શાળાઓમાં કેન્ટીન હોય ત્યાં એંઠવાડ ઘટાડવા પ્રયાસ કરવા તથા શાળાના સંકુલમાં કમ્પોસ્ટ ખાડો તૈયાર કરાવવો. દાખલા તરીકે શાળાની આજુબાજુમાં ક્યાંક કચરો ઠાલવવામાં આવતો હોય અને તેને કારણે શાળાને સમસ્યા થતી હોય તો સ્વચ્છાગ્રહ દળ કચરો એકત્ર કરવા માટે જવાબદાર વિસ્તારના વ્યક્તિને ફરિયાદ કરી શકે છે કે શહેરના સંબંધિત અધિકારીને આ અંગે ફરિયાદ અરજી લખી શકે છે.

પ્રવૃત્તિ ૫.૧ : શાળાનું સંકુલ સંપૂર્ણ કચરા-મુક્ત (ઝીરો ગાર્બેજ) બને એ દિશામાં પ્રયાસ કરવો
પ્રવૃત્તિ ૫.૨ : કચરો ફેંકવા વિરુદ્ધ બોર્ડ કે પોસ્ટર્સ તૈયાર કરવાં
પ્રવૃત્તિ ૫.૩ : એંઠવાડ ઘટાડવો
પ્રવૃત્તિ ૫.૪ : શાળામાં કમ્પોસ્ટ ખાડો તૈયાર કરવો
પ્રવૃત્તિ ૫.૫ : અરજી લખવી

અરજી લખવી

પ્રસ્તાવના :

ઘણી વખત એવું બને છે કે આપણને કોઈ સમસ્યા અંગે અવાજ ઉઠાવવાની ઇચ્છા થાય છે. લોકોની સાર્વત્રિક ઇચ્છા અને વ્યાપક સમુદાયના સહયોગથી આપણે મોટાં પરિવર્તન લાવી શકીએ છીએ. સમસ્યાના ઉકેલ માટે એક અસરકારક કાર્ય છે - જવાબદાર/સંબંધિત અધિકારીને અરજી કરવી. એમાંય જ્યારે સમસ્યા વ્યાપક જનસમુદાયને પ્રભાવિત કરી રહી હોય અને તેને કારણે પર્યાવરણને કે સમાજના સારા માહોલને બગાડી રહી હોય ત્યારે લેખિત અરજી આવશ્યક બની જાય છે.

***ઉદ્દેશ :*** *સ્વચ્છાગ્રહીને પર્યાવરણ માટે અતિ મહત્ત્વપૂર્ણ એવી સમસ્યાઓ અંગે અરજીઓ લખવાનું કૌશલ્ય શીખવવું.*
*સ્વચ્છાગ્રહી પર્યાવરણીય પ્રશ્ન સંબંધિત અરજીઓનું મહત્ત્વ સમજશે અને પોતે એવી અરજી કરતા શીખશે.*
***શિક્ષણ પદ્ધતિ :*** *વર્ગખંડમાં ચર્ચા, પત્ર લેખન*
***કૌશલ્યનો વિકાસ :*** *પ્રત્યાયન, ઝુંબેશ, નેતૃત્વ*
***શૈક્ષણિક સાધનો :*** *નોંધપોથી, પેન્સિલ*
***જૂથનું કદ :*** *૧૦થી ૧૫ સ્વચ્છાગ્રહી*
***સમયગાળો :*** *પ્રવૃત્તિ માટે ૬૦ મિનિટ્સ*



| સમસ્યા | પર્યાવરણીય અસરો | સંબંધિત અધિકારી | અસરગ્રસ્ત લોકોની સંખ્યા | તાત્કાલિકતા |
|---|---|---|---|---|
| કચરાની ફેંકાફેંક અને ઘન કચરાની અયોગ્ય વ્યવસ્થા | સંભવિત બિમારીઓ અને આરોગ્યના પ્રશ્નો | | આશરે ૧૦,૦૦૦ (જિલ્લા સ્તરે) | ઉચ્ચ |

**નોંધ :** નમૂનારૂપ અરજી જોવા માટે મુલાકાત લેવા જેવી વેબસાઇટ - www.change.org

**નિષ્કર્ષ અને ચર્ચા :**
વિદ્યાર્થીઓને પૂછો કે તેમને મળી રહેલી સેવાઓ અને સુવિધાઓથી તેઓ સંતુષ્ટ છે કે નહીં. આ સમસ્યાના નિરાકરણ માટે શું થઈ શકે, એ અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. આ અંગે બે વિકલ્પો ઉપલબ્ધ છે, કાં તો તમે સીધા સંબંધિત અધિકારીને લેખિતમાં રજૂઆત કરી શકો છો કે પછી તમે સ્થાનિક અખબારમાં તે અંગે અહેવાલ પ્રસિદ્ધ કરવા તંત્રીને જાણ કરી શકો છો.

કેટલીક વખત એક નાના પ્રયાસથી સફળતાઓ હાંસલ થતી હોય છે. વિદ્યાર્થીઓને એવું ઉદાહરણ જણાવો, જેમાં કોઈ એક વ્યક્તિએ અમુક સમસ્યા અંગે પગલું ભર્યું હોય અને તેને ભવ્ય પ્રતિસાદ મળ્યો હોય.

અમુક સેવાઓ ખૂબ સારી રીતે, સંતોષદાયક રીતે મળી રહી હોય તો વિદ્યાર્થીઓ તેની પ્રશંસા કરતો પત્ર પણ સંબંધિત અધિકારીઓને લખી શકે છે. કોઈ સમસ્યાના ઉકેલ માટે જરૂરી પગલાં ભરવા અંગે વિદ્યાર્થીઓ સીધા જ સંબંધિત અધિકારીને મળીને ચર્ચા કરી શકે છે.

**પરિણામ :**
નાગરિકોના અધિકારો અને ફરજ અંગેની જાગૃતિ માટે વિદ્યાર્થીઓ પોસ્ટરો તૈયાર કરીને એક પ્રદર્શન ઊભું કરી શકે. શાળાના તમામ વિદ્યાર્થીઓને પ્રદર્શન બતાવી શકાય. અમુક સમસ્યા તરફ લોકો અને સત્તાધીશોને ધ્યાન ખેંચવા માટે વિદ્યાર્થીઓ સભા કે સરઘસનું આયોજન પણ કરી શકે છે.



## સ્વચ્છતા અને આરોગ્ય — થીમ

### સંશોધન કરવું

**પ્રવૃત્તિ ૧ : શાળામાં સ્વચ્છતા અને આરોગ્યની સ્થિતિ**

**પ્રસ્તાવના**

શાળાનાં બાળકો જીવનભર પાળી શકાય એવી સ્વચ્છતાને લગતી સુટેવો શીખે છે અને અમલમાં મૂકે છે. સ્વચ્છતા અને આરોગ્યને લગતા શિક્ષણ અને પાણી, સ્વચ્છતા અને આરોગ્યને લગતી સારી સુવિધાઓના સંયોજનથી બાળકોમાં સ્વચ્છતા જાળવતી સુટેવોનો વિકાસ કરી શકાય છે, જે તેઓ મોટા થઈને પણ પાળે છે તથા આગળ જતાં તેમનાં બાળકોને પણ એ શીખવે છે.

સ્વચ્છતા અને આરોગ્ય એ વ્યક્તિની તંદુરસ્તી સાથે સીધો સંબંધ ધરાવે છે. સ્વચ્છતા અને આરોગ્યને લગતી બાબતોને જ્યારે અભ્યાસના ભાગરૂપે ભણાવાતી હોય ત્યારે એ જરૂરી છે કે તેમને શાળામાં તેને અનુરૂપ વાતાવરણ પણ મળે. ચોખ્ખાં શૌચાલયો, ચોખ્ખું પાણી અને શાળામાં એકંદરે જળવાતી સ્વચ્છતાથી તેમના શીખવા પર હકારાત્મક પ્રભાવ ઊભો થતો હોય છે. શાળા જો પોતાના સંકુલની સ્વચ્છતા જાળવવા માટેની વ્યૂહરચના ઘડવામાં અને તેના અમલીકરણમાં બાળકોને સામેલ કરે તો તેમનામાં આરોગ્યલક્ષી વર્તણૂક આપોઆપ ઊભી થાય છે અને તે તેમની સાથે જીવનભર જળવાઈ રહે છે.

આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓને પોતાની શાળાના સંકુલમાં પ્રવર્તતી સ્વચ્છતા અને આરોગ્યની સ્થિતિનો અંદાજ લગાવવામાં મદદરૂપ થશે. એક સપ્તાહના નિરીક્ષણ થકી તેમને ખ્યાલ આવશે કે કઈ જગ્યાઓ ગંદી રહે છે, ગંદકી માટે કોણ જવાબદાર છે. આ સાથે સાથે તેમને એ પણ સમજાશે કઈ જગ્યાઓ ચોખ્ખી રહે છે અને તે શા માટે અન્ય કરતાં વધારે સ્વચ્છ હોય છે.

***ઉદ્દેશ :*** *શાળામાં સ્વચ્છતા અને આરોગ્યની સ્થિતિ કેવી છે, તે શોધી કાઢવું.*
***શિક્ષણ પદ્ધતિ :*** *ટ્રાન્સેક્ટ વૉક અને નક્શો બનાવવો*
***કૌશલ્યનો વિકાસ :*** *નિરીક્ષણ કરવું, સમીક્ષાત્મક વિચારણા*
***શૈક્ષણિક સાધનો :*** *કાગળ, પેન્સિલ, પેન*
***જૂથનું કદ :*** *૩થી ૪ સ્વચ્છાગ્રહી*
***સમયગાળો :*** *પ્રવૃત્તિ માટે ૩૦ મિનિટ્સ*

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં**

૧. વિદ્યાર્થીઓને અલગ અલગ જૂથમાં વહેંચી દો અને તેમણે કયા વિસ્તારનું નિરીક્ષણ કરવાનું છે, તે સોંપી દો. શાળાના જુદા જુદા વિભાગો તેમજ ઇમારતના જુદા જુદા હિસ્સા, માળ વગેરેનો તેમાં સમાવેશ થશે.

૨. વિદ્યાર્થીઓને શાળામાં એક સ્થળેથી બીજા સ્થળ સુધી ચાલીને જવા જણાવો.

૩. ચાલતાં ચાલતાં તેમણે નીચે આપેલી બાબતોનું નિરીક્ષણ કરવાનું છે:



ક. શૌચાલયો, પાણીનાં સ્થળ

૧.સંખ્યા, સ્થળ, તે ચોખ્ખાં છે કે નહીં, સેનેટરી પેડના નિકાલની શું વ્યવસ્થા છે?

ખ.આ સ્થળો પર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય કર્મચારીઓનાં વર્તનનું નિરીક્ષણ કરો.

૧.ચોખ્ખાઈ, વેડફાટ અને જ્યાં ત્યાં કચરો ફેંકવો

૪. શાળાનો નક્શો બનાવવો અને તેમાં તમારાં નિરીક્ષણોને દર્શાવો.

**નિષ્કર્ષ અને ચર્ચા :**

સમસ્યાનાં સંભવિત કારણોની ચર્ચા કરો. વ્યવસ્થા સારી હોય તોપણ ગંદકી થતી હોય તો તેનાં સંભવિત કારણો તપાસો. આ માહિતીને કઈ રીતે વ્યાપક રીતે પ્રસારિત કરી શકાય, તેની ચર્ચા કરો.

**પરિણામ :**

વિદ્યાર્થીઓ શાળામાં સ્વચ્છતાને લગતી સમસ્યાને આસાનીથી જાણી-સમજી શકશે અને આ સમસ્યાના ઉકેલ અંગે પોતાનો અભિપ્રાય આપવા સક્ષમ બનશે.

**આટલું સૌને જણાવવું :**

શાળાના જુદા જુદા વિભાગ, જેવાંકે, શૌચાલય, પીવાના પાણીની જગ્યા વગેરે માટે ચોખ્ખાઈનો ઇન્ડેક્ષ ઊભો કરો, ચોખ્ખાઈના સ્તર અનુસાર તેને જુદા જુદા રંગનો માર્કો (કલર કોડિંગ) આપો. સ્વચ્છાગ્રહ દળના સભ્યો સ્વચ્છાગ્રહ વૉલ પર ઇન્ડેક્ષની વિગતો રજૂ કરી શકે છે. જેમ જેમ સ્થિતિમાં સુધારો આવતો જાય તેમ તેમ માર્કાનો રંગ પણ બદલાવી શકાય.



**પ્રવૃત્તિ ૨ : મચ્છરની ગૂંજ !**



**પ્રસ્તાવના :**

ભરાઈ રહેલું પાણી કે ઊભરાઈ ગયેલી ગટર મચ્છરોને ફૂલવાફાલવા માટે મોકળું મેદાન પૂરું પાડે છે. એર કૂલર્સ, ભરાઈ ગયેલી ગટર, વરસાદી પાણીનો ભરાવો, પંખીઓ માટેનો પાણીનો કુંડ, ગંદી ગટરનાં નાળાં, જૂનાં ટાયર, કેન, ફૂટેલી બોટલ, નારિયેળની કાછલી કે બાંધકામના માલસામાનના ઢગલામાં ભરાઈ રહેતાં પાણીમાં મચ્છરો ફૂલેફાલે છે અને મોટા પાયે પેદા થાય છે.

ઘર, શાળા કે અન્ય ઇમારતોમાંથી નીકળતી ગંદાં પાણીની ગટર, વરસાદી પાણીના નાળા જ્યારે ખરબચડા મેદાનમાં ઠલવાય છે ત્યારે તેમાં છીછરાં પાણી ભરાઈ રહે છે, જે મચ્છરોને પ્રજોત્પતિ માટે આકર્ષે છે. આવામાં પેદા થતા મચ્છરો કરડવાથી ગંભીર બિમારીઓ થઈ શકે છે.

***ઉદ્દેશ :*** *ભરાઈ રહેલું પાણી મચ્છરોને પેદા કરે છે અને તેને કારણે બિમારી ફેલાય છે, એ વાત સૌના મનમાં પાકી કરાવવી.*
***શિક્ષણ પદ્ધતિ :*** *સર્વે અને ચર્ચા*
***કૌશલ્યનો વિકાસ :*** *નિરીક્ષણ, સમજાવટ, લેખન*
***શૈક્ષણિક સાધનો :*** *નિરીક્ષણ માટેની નોંધપોથી, પેન*
***જૂથનું કદ :*** *૫ સ્વચ્છાગ્રહી*
***સમયગાળો :*** *પ્રવૃત્તિ માટે ૩૦ મિનિટ્સ*

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં**

કેટલાક સ્વચ્છાગ્રહીને બોલાવીને તેમને શાળાની ઇમારતની આજુબાજુ તથા શાળાની આસપાસના વિસ્તારમાં ચાલીને આંટો મારવા કહો અને તેમને એ નિરીક્ષણ કરવા જણાવો કે ક્યાંક પાણીનાં ખાબોચિયાં ભરાયાં છે કે નહીં. એ વિસ્તારમાં પાણીને અટકાવી રાખતી ચીજવસ્તુઓ (જૂનાં ટાયર, ખોખાં વગેરે) હોય કે પછી સામાન્ય રીતે ત્યાં પાણી ભરાઈ રહેતું હોય, તેની વિગતો મેળવવાનું જણાવો.

વિદ્યાર્થીઓને ઝીણવટથી નિરીક્ષણ કરવા કહો કે એ ખાડા-ખાબોચિયામાં મચ્છરનાં બચ્ચાં કે લારવા જોવા મળે છે કે નહીં. તેમણે અન્ય કિટકો નહીં પણ મચ્છરોના લારવા પર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું રહેશે.

**નિષ્કર્ષ અને ચર્ચા :**

સર્વે પછી તેમને વર્ગખંડમાં આવવા દો. દરેક જૂથ એક પછી એક પોતાનાં નિરીક્ષણોની વાત કરશે. નિરીક્ષણોને ચાર્ટ પર નોંધતાં જવું. વિદ્યાર્થીઓએ પાણી ભરાયાં હોય એ સ્થળ જણાવવું અને તેનાં કારણો પણ રજૂ કરવાનાં રહેશે. દાખલા તરીકે, વપરાયા વિનાનો પાણીનો ટાંકો, ફેંકી દેવાયેલું કુંડું, મેદાનનો ઢોળાવ વગેરે.

ભરાઈ રહેલાં પાણી, ગટર, કચરા અને આરોગ્ય, એ બધાની વચ્ચેના સહસંબંધ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરો. કચરાને કારણે પેદા થતાં મચ્છર, માખી, ઉંદર વગેરે બિમારીઓના કારકોને ફૂલવા-ફાલવા દે છે અને તેના લીધે લોકોના આરોગ્ય પર કેવી અસર થાય છે, તેની સમજ આપવી. આવી બિમારીઓને વધતી અટકાવવા માટે કેવાં પગલાં લઈ શકાય, એની પણ ચર્ચા કરવી.



**પરિણામ :**

વિદ્યાર્થીઓએ જોયેલાં મચ્છરો પેદા કરતાં સ્થાનને નાબૂદ કરવા માટે શું કરી શકાય, એ માટેતેમને વિચારવા દો. સર્વે દરમિયાન તેમણે જોયેલાં સ્થળમાં યોગ્ય પગલાં લઈ શકે છે.

**આટલું સૌને જણાવવું :**

પાણી ભરાઈ રહેતું હોય તેને અટકાવવા માટે જરૂરી પગલાં લેવા માટે આયોજન તૈયાર કરો. વિદ્યાર્થીઓ તમામ પ્રવૃત્તિ અને ઉકેલો જાતે કરી શકે એમ ન હોય તો તેઓ શાળાના સંચાલકોને કે પછી મ્યુનિસિપાલિટીના તંત્રને એ અંગે જાણ કરી શકે છે. તેમણે કચરા કે ઈંટ-માટીના ઢગલાં કે અન્ય કારણે પાણી ભરાતું હોય તો એ સ્થળોની ચોક્કસ વિગતો તંત્રને પહોંચાડવી જોઈએ.

## શોધી કાઢવું

**પ્રવૃત્તિ ૩ : મારા હાથ કેટલા ચોખ્ખા છે?**

**પ્રસ્તાવના :**

આપણે આપણી તમામ રોજિંદી કામગીરી આપણા હાથ વડે કરતાં હોઈએ છીએ, પરંતુ આપણને ભાગ્યે જ વિચાર આવે છે કે આપણા હાથ પણ ઘણી બિમારી ફેલાવવાનું વાહક બની શકે છે. વ્યક્તિગત સ્વચ્છતાની માત્ર સાબુ વડે હાથ ધોવાની નાનકડી પ્રવૃત્તિથી આપણે બિમારીઓને ફેલાતા રોકી શકીએ છીએ. વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત સ્વચ્છતાની બાબતમાં હાથ ધોવાનો મુદ્દો બહુ જ અગત્યનો છે, કારણ કે પાણી અને ભોજનની સ્વચ્છતા માટે તેની ભૂમિકા અતિ મહત્ત્વપૂર્ણ હોય છે.

***ઉદ્દેશ :*** *હાથ ધોવા એ વ્યક્તિગત સ્વચ્છતાની આદતોમાં કેટલી મહત્ત્વપૂર્ણ છે, એ દર્શાવવું.*
***શિક્ષણ પદ્ધતિ :*** *નિદર્શન અને ચર્ચા*
***કૌશલ્યનો વિકાસ :*** *તાર્કિક પ્રશ્નો, સમીક્ષાત્મક વિચારણા, સંશોધન*
***શૈક્ષણિક સાધનો :*** *પાણીના ૩ પારદર્શક ડબલાં કે પ્લાસ્ટિકની બોટલ, એક કટોરો, ચોખ્ખા પાણીની નાની બાલદી, એક મગ કે વધારાનો ગ્લાસ.*
***જૂથનું કદ :*** *સમગ્ર વર્ગખંડ*
***સમયગાળો :*** *૩૦ મિનિટ્સ*

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં**

- ત્રણ ડબલાં લો અને તેને ટેબલ પર સૌ જોઈ શકે એ રીતે મૂકો. એક ડબલામાં પાણી ભરો.
- કોઈ વિદ્યાર્થીને અન્ય એક વિદ્યાર્થીને ચોખ્ખા કટોરામાં હાથ ધોવામાં મદદ કરવા જણાવો.
- હાથ ધોયેલું એ પાણી બીજા ડબલામાં ઠલવી દો. કટોરાને વીંછળી નાખો અને કોરો પડવા દો.
- પહેલા ડબલાના પાણી અને બીજા ડબલાના પાણી વચ્ચે સરખામણી કરો. વિદ્યાર્થીઓને બન્ને ડબલામાં જુદા જુદા રંગનું પાણી જોવા મળ્યું?
- વિદ્યાર્થીઓને પછી રોજિંદી પ્રવૃત્તિઓ કરવા દો અને ૧૫ મિનિટ્સ પછી ફરી એ જ વિદ્યાર્થીને બોલાવો અને અગાઉના જ સ્વયંસેવકની મદદથી તેને ફરી પેલા કટોરામાં હાથ ધોવડાવો.

- પછી કટોરાના પાણીને ત્રીજા ડબલામાં રેડો. હવે ત્રણેય ડબલાંના પાણીની સરખામણી કરો. શું પહેલાં અને બીજા ડબલા કરતાં ત્રીજા ડબલાનું પાણી અલગ રંગ ધરાવે છે? વિદ્યાર્થીએ ૧૫ પહેલાં હાથ ધોવા હોવા છતાં ફરી વાર હાથ ધોયેલું પાણી આટલું ગંદું કેમ છે?

**નોંધ :**

બની શકે કે કોઈ વિદ્યાર્થી પોતાના હાથની ગંદકી સમગ્ર વર્ગ સામે ખુલ્લી પડી જશે, એ ડરે તે પોતાના હાથ ધોવડાવવા તૈયાર ન પણ થાય. આને કારણે તેના સ્વાભિમાનને પણ અસર થઈ શકે. આવી સ્થિતિમાં કોઈ પર દબાણ ન કરવું. તમે તમારા હાથ ધોઈને પણ નિદર્શન આપી શકો છો! પછી વર્ગના વિદ્યાર્થીઓ પોતે પણ આ પ્રયોગ કરવા માગે તો તેમને પોતાના ઘરે કરવા જણાવો અને બીજા દિવસે એ અંગે ચર્ચા કરો. આપણા હાથ ઝડપથી ગંદા થઈ જતા હોય છે એટલે તેને કોઈ પણ અગત્યના કામ કરતાં પહેલા, ખાસ કરીને ભોજન પહેલાં ધોવા બહુ જ જરૂરી છે, એ વાત સાથે વિદ્યાર્થીઓ સહમત છે કે નહીં, એ પૂછો.

**નિષ્કર્ષ અને ચર્ચા :**

આપણા હાથ શા માટે ઝડપથી ગંદા થઈ જતા હોય છે, એ અંગે ચર્ચા કરો. વિદ્યાર્થીઓને સમજાવો કે આપણા હાથમાં પરસેવો વળતો હોય છે અને તેને કારણે તેના પર માટી અને ધૂળ ચોંટી જતાં હોય છે. આપણે કામ કરવા માટે હાથ વડે અનેક ચીજવસ્તુઓને અડકતા હોઈએ છીએ. એ ચીજવસ્તુઓ પર ધુળ કે જીવાણુઓ હોય શકે છે, જે આપણા હાથ પર લાગી જાય છે. જોકે, આપણે તેને જોઈ શકતા અને હાથ દેખાવે તો ચોખ્ખા જ લાગતા હોય છે. આ ન દેખાતા જીવાણુઓ બિમારી માટે કેવાં કારણભૂત બનતાં હોય છે, તેની ચર્ચા પણ કરવી.

- વિદ્યાર્થીઓને આખા દિવસ દરમિયાન પોતાના કામ માટે કેટલી ચીજવસ્તુઓને અડકતા હોય છે, તેની યાદી તૈયાર કરવા જણાવો.
- વિદ્યાર્થીઓને એકબીજાના નખ તપાસવા કહો અને જુઓ કે તે કેટલા લાંબા છે અને તેની પાછળ કેવી ગંદકી થયેલી છે.
- વિદ્યાર્થીઓને ભારપૂર્વક જણાવો કે શૌચાલય ગયા પછી અને ભોજન કરતાં પહેલાં હાથ ધોવા અત્યંત જરૂરી છે.

**પરિણામ :**

વિદ્યાર્થીઓને હાથ ધોવાનું ટાળી દેવામાં આવે તેની પાછળનાં સંભવિત કારણો અને સ્થિતિઓ અંગે વિચારવા દો. વિદ્યાર્થીઓ હાથ ધોવાનું યાદ રાખવા કે અન્યને યાદ અપાવવા માટે શું કરી શકે, તેનાં સૂચનો આપી શકે. લોકો સામાન્ય રીતે હાથ ધોવાનું ટાળતા હોય છે, એવું શા માટે તે શોધી કાઢવાનો આ યોગ્ય સમય છે.

**દેખિતાં પરિણામ :**

વિદ્યાર્થીઓ હાથ ધોવાનું નિદર્શન શાળાની પ્રાર્થનાસભામાં આપી શકે. જમ્યા પહેલાં હાથ ધોનારા અને જમીને હાથ ધોનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર ફરક હોય છે. સ્વચ્છાગ્રહ દળ આ બાબતની નોંધ રાખે





**પ્રવૃત્તિ ૪ : જળ અને આરોગ્ય ઑડિટ**

**પ્રસ્તાવના :**

શહેરી વિસ્તારમાં સામાન્ય રીતે જ્યાંથી પીવાનું પાણી લેવામાં આવતું હોય એવા જળાશયમાં જ કચરો-ગટર ઠલવાતાં હોય છે. આદર્શ રીતે કચરા કે ગટરને નદીમાં ઠાલવતા પહેલાં તેના પર ટ્રીટમેન્ટ થવી જરૂરી છે, પરંતુ આપણે જે માત્રામાં કચરો પેદા કરીએ છીએ, એના પ્રમાણમાં એટલા કચરાની ટ્રીટમેન્ટ થઈ શકે એવી વ્યવસ્થા-યંત્રો હોતાં નથી.

ટ્રીટમેન્ટ કર્યા વિનાનું ગટરનું પાણી અનેક બિમારીઓનાં કારક જીવોને જળાશયમાં ભેળવે છે. આ જ જળાશયનું પાણી જ્યારે પીવાના પાણીનો સ્રોત હોય ત્યારે તે અનેક ગંભીર બિમારીનું કારણ બને છે, જે ક્યારેય જીવલેણ પણ સાબિત થઈ શકે છે. પ્રદૂષિત પીવાના પાણીને કારણે કોલેરા, ટાઇફોઇડ, કમળો અને ગેસ્ટ્રોઇન્ટેરાઇટીસ થઈ શકે છે.

***ઉદ્દેશ :*** *સામાન્ય બિમારીઓમાંની કેટલીક બિમારીઓ માટે પીવાનું પાણી જ કારણભૂત બનતું હોય છે, એ સમજાવવું.*
***શિક્ષણ પદ્ધતિ :*** *ઑડિટ*
***કૌશલ્યનો વિકાસ :*** *નિરીક્ષણ, વિશ્લેષણ, ઑડિટિંગ*
***શૈક્ષણિક સાધનો :*** *લેખન સામગ્રી*
***જૂથનું કદ :*** *સમગ્ર વર્ગખંડ*
***સમયગાળો :*** *ઑડિટ માટે ૩૦ મિનિટ્સ, કોષ્ટક બનાવવા અને ચર્ચા કરવા ૩૦ મિનિટ્સ*

**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં**

વિદ્યાર્થીઓને પોતાના વર્ગખંડમાં આરોગ્યનું ઑડિટ કરવા દો. હાજરીપત્રક તપાસીને શોધી કાઢો કે છેલ્લા ૨થી ૩ મહિનામાં કેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને તેઓ શાળામાં શા માટે નહોતા આવ્યા, તેનાં કારણો પૂછો. તેમને જાણવા મળશે કે મોટા ભાગનાં વિદ્યાર્થીઓ બીમાર પડ્યા હોવાથી આવી શક્યા નહોતા. વિદ્યાર્થીઓને કઈ બિમારી થઈ હતી તેની નોંધ કરી લો. (દા.ખ. શરદી અને ઉધરસ, પેટમાં દુખાવો, તાવ, વગેરે)

મળેલી માહિતીને કોષ્ટકમાં ગોઠવો. નીચે આપ્યું છે એવું કોષ્ટક ઉપયોગમાં લઈ શકો છો.

| ગેરહાજર વિદ્યાર્થીનું નામ | ગેરહાજરીના દિવસોની સંખ્યા | મહિનો | બિમારી | બિમારી પાછળનાં કારણો |
|---|---|---|---|---|
| | | | | |

બીમાર પડવા પાછળ કોઈ ઋતુગત કારણ જવાબદાર હોવાનું ધ્યાને આવ્યું હોય તો તેની નોંધ રાખવાનું જણાવવું.

વિદ્યાર્થીઓને આવી બિમારીઓથી બચવા માટે 'શું કરવું જોઈએ' અને 'શું ન કરવું જોઈએ' એની એક સામાન્ય યાદી તૈયાર કરવા જણાવો. વિદ્યાર્થીઓને આવી યાદી પોતાના પરિવારના સભ્યો અને મિત્રોને વહેંચવા જણાવો. આ યાદી શાળામાં નોટિસ બોર્ડ પર પણ મૂકવી.



**નિષ્કર્ષ અને ચર્ચા :**

ઑડિટનાં પરિણામ અંગે ચર્ચા કરવી અને આ સમસ્યા અંગે વાત કરવા માટે ડૉક્ટર કે જાહેર આરોગ્ય વિશેષજ્ઞને (જે માતા-પિતા પણ હોઈ શકે) આમંત્રણ આપો.

**પરિણામ :**

વિદ્યાર્થીઓને પાણીજન્ય બિમારીઓને નિવારવા માટે આપણે શું કરી શકીએ, એ અંગે સૂચનો આપવા જણાવો.

નીચે આપેલી બાબતોને તેમનાં સૂચનોમાં આવરી લેવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપો.

- જળના સ્રોતની ગુણવત્તા
- જળ સંગ્રહ
- જળ વિતરણ
- પાણીનો ભરાવો

**આટલું સૌને જણાવવું :**

શાળાનું વહીવટી તંત્ર પાણીની ટાંકીની નિયમિત રીતે સફાઈ થાય તથા પાણી ભરાઈ જતું હોય તો તેની સાફસફાઈ થાય વગેરે માટે એક વ્યવસ્થા ઊભી કરે.

## વિચાર કરવો

### પ્રવૃત્તિ ૫ : શૌચાલય શિષ્ટાચાર - માનસ મૂલ્યાંકન તૈયાર કરવું

**પ્રસ્તાવના :**

શિષ્ટાચાર એટલે સારું વર્તન, જે માણસને અન્ય પ્રાણીઓથી અલગ પાડે છે. શૌચાલય શિષ્ટાચાર પણ તેના જેવું જ છે. આરોગ્ય અને સ્વચ્છતા પણ તેની સાથે જોડાયેલાં છે. આપણે જાણીએ છીએ કે શૌચાલયની સ્વચ્છતાને જો વ્યવસ્થિત રીતે જાળવવામાં ન આવે તો રોગાણુઓનો ચેપ ફેલાય છે અને તેને કારણે અનેક રોગો થઈ શકે છે. આપણે સૌ ચોખ્ખા અને આરોગ્યપ્રદ શૌચાલયો પસંદ કરીએ છીએ. કોઈને ગંધાતા, ગોબરા શૌચાલય પસંદ નથી. કોઈને અન્ય લોકો દ્વારા કરવામાં આવેલી ગંદકી સાફ કરવી પણ ગમતી નથી. આમ, દરેકે એવી સમજ કેળવવી રહી કે શૌચાલયના શિષ્ટાચારને બરાબર પાળવામાં આવશે.

*ઉદ્દેશ : શૌચાલયના શિષ્ટાચારનું મહત્ત્વ સમજાવવું.*
*શિક્ષણ પદ્ધતિ : માનસ મૂલ્યાંકન*
*કૌશલ્યનો વિકાસ : સમીક્ષાત્મક વિચાર, શૌચાલયના ઉપયોગનો શિષ્ટાચાર*
*શૈક્ષણિક સાધનો : કાગળ, માર્કર*
*જૂથનું કદ : ૧૫ સ્વચ્છાગ્રહીઓ*
*સમયગાળો : પ્રવૃત્તિ માટે ૪૫ મિનિટ્સ*



**સ્વચ્છાગ્રહ પ્રેરક માટે પ્રવૃત્તિનાં પગલાં**

વિદ્યાર્થીઓને પોતાના વર્ગખંડમાં માનસ મૂલ્યાંકન કરવાનું કહો. સૌને ૧૦થી ૧૫ના સભ્યોના જૂથમાં બેસવા કહો. પછી તેમને શૌચાલય શિષ્ટાચાર અંગે લોકો કેવી માનસિકતા ધરાવે છે તેના આધારે મૂલ્યાંકન કરવા જણાવો. આમાં શું કરવું અને શું ન કરવું, જુદાં જુદાં સ્થળ, જેમકે, ઘર, કાર્યસ્થળ, જાહેર કે અન્ય જગ્યાએ શૌચાલયના શિષ્ટાચાર વગેરેનો સમાવેશ કરવો. આરોગ્યપ્રદ અને સ્વચ્છ શૌચાલય માટે કેવા વર્તનની જરૂર છે, તેને તેઓ શોધી શકશે.

**માનસ મૂલ્યાંકન તૈયાર કરવું :**

એક વખત માનસ મૂલ્યાંકન થઈ જાય પછી અલગ અલગ જૂથો શૌચાલયના શિષ્ટાચારને પ્રોત્સાહિત કરે એવા સંદેશાઓ તૈયાર કરી શકે અને તેને શૌચાલય પર લગાવી શકે છે.

**નિષ્કર્ષ અને ચર્ચા :**

શૌચાલય શિષ્ટાચાર કઈ રીતે કેળવવો અને આ માહિતીનો પ્રચાર-પ્રસાર કઈ રીતે કરવો.




**પરિણામ :**

વિદ્યાર્થીઓ શાળામાં સ્વચ્છતાને સંબંધિત સમસ્યાને ચોક્કસ રીતે ચર્ચામાં લાવી શકે છે.

**આટલું સૌને જણાવવું :**

પહેલાં અને પછીની તસવીરો, યાદ અપાવવા માટે વ્યૂહાત્મક સ્થાનો પર મૂકેલાં સૂચક-બોર્ડ

## આભાર

સ્વચ્છાગ્રહ કૉન્સેપ્ટ અને પહેલ: અદાણી ફાઉન્ડેશન

જ્ઞાન અને અમલીકરણ સહયોગી: પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (CEE)

આ પ્રવૃત્તિ પુસ્તિકા સ્વચ્છાગ્રહ કાર્યક્રમ-૨૦૧૬ અંતર્ગત પ્રકાશિત કરવામાં આવી છે અને તે અદાણી ફાઉન્ડેશનના સાથસહકાર સાથે CEEની ટીમ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી છે.

પ્રકાશન : સપ્ટેમ્બર, ૨૦૧૬

**કોપીરાઇટ © ૨૦૧૬, અદાણી અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર** (CEE)

તમારા અધિકારો આરક્ષિત છે. આ પુસ્તક કે તેનો કોઈ ભાગને પુસ્તક સમીક્ષા સિવાયની કોઈ પ્રવૃત્તિમાં અમારી જાણ કે લેખિત સંમતિ વિના કોઈ પણ રીતે પુનઃપ્રકાશિત કરી શકાશે નહીં.

Follow us on

/swachhagraha.org